આજનો સુવિચાર
દયા કરવી એટલે ઉંચે જવું પરંતુ દયાપાત્ર બનવું એટલે પોતાના તેજને ઓછું કરવું

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૦૯ જૂનાગઢ તા.૨૧-૧૨-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 09, Junagadh : Date : 21 December, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## જર્મનીમાં ક્રિસ્મસ પૂર્વે હુમલો : બેકાબુ કારે ૧૧ લોકોને કચડી નાંખ્યા, ૬૮ ઈજાગ્રસ્ત



બર્લિન, તા.૨૧: જર્મનીમાં એક મોટી ઘટના સામે આવી છે. જર્મનીના મેગડેબર્ગમાં ગત રાત્રે એક કાર ક્રિસમસ માર્કેટમાં ઘૂસી ગઈ અને લોકોને કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં બાળકો સહિત ૧૧ લોકોના મોત થયા છે. જ્યારે ૬૮થી વધુ લોકો ઘાયલ થયા છે. જર્મન મીડિયાના અહેવાલ મુજબ ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે ડ્રાઈવર ભીડમાંથી ૪૦૦ મીટર સુધી તેનું વાહન લઈ ગયો. જર્મન અખબાર વેલ્ટના અહેવાલ મુજબ કારનો ડ્રાઈવર સાઉદી નાગરિક છે.

આ વ્યકતિ વ્યવસાયે ડોક્ટર છે અને તેની ઉંમર ૫૦ વર્ષની આસપાસ છે. રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે તેની પાસે અનેક સૂટકેસ હતી, જેની તપાસ કરવામાં આવી અને તેમાં કોઈ વિસ્ફોટક સામગ્રી મળી નથી. ઈમરજન્સી સેવાઓએ ઘાયલોની સંભાળ માટે તંબુ ગોઠવ્યા છે, જ્યારે ૧૦-૨૦ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે મેગ્ડેબર્ગ યુનિવર્સિટી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. મેગ્ડેબર્ગના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ ઘટના ઈરાદાપૂર્વક કરવામાં આવેલ હુમલો હોવાનું જણાય છે.

પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે મેગ્ડેબર્ગમાં એક કાળી BMW ઉત્સવની ભીડમાં ઘૂસી ગઈ હતી, જેના કારણે નાસભાગ મચી ગઈ હતી. ડ્રાઈવર પાસે અનેક સૂટકેસ હતી, જેની તપાસ કરવામાં આવી અને કોઈ વિસ્ફોટક સામગ્રી મળી ન હતી. આ ઘટનાના CCTV ફૂટેજ સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે. આખા રોડ પર બજાર દેખાય છે. જેના કારણે અહીં ભારે ભીડ જોવા મળી રહી છે. ત્યારે અચાનક એક કાર તેજ ગતિએ લોકોને કચડી નાખે છે. કેટલાક લોકો જમીન પર પડી જાય છે જ્યારે કેટલાક ભાગવા લાગે છે.

## મકાન ખરીદવું હવે વધુ મોંઘુ બનશે જંત્રી બાદ હવે જીએસટીનો ઝટકો લાગશે

### ચાર્જેબલ એફએસઆઈ પર ૧૮ ટકા જીએસટી લાગુ કરવા સરકારની દરખાસ્તથી બિલ્ડરો નારાજ મકાનોની કિંમતમાં ૮ થી ૧૦ ટકાનો વધારો થશે



અમદાવાદ,તા.૨૧ બાંધકામ ક્ષેત્રે અમલમાં આવતા પ્રોજેકટો માટે સ્થાનિક સતામંડળોમાં ચાર્જેબલ એફએસઆઈની જોગવાઈ કરાઈ છે અને ડેવલોપર્સ તેના માટે નાણાંની ચૂકવણી કરી પર્ચેઝ એફએસઆઈનો ઉપયોગ કરતા હોય છે. હવે આવી એફએસઆઈ પર કેન્દ્ર સરકારે ૧૮ ટકા જીએસટી વસુલ કરવા દરખાસ્ત કરી છે.

આ પ્રકારની જોગવાઈથી મિલકતોની કિંમતમાં નવી જંત્રીના અમલથી જે વધારો થવાનો છે. તે ઉપરાંત ૧૦ ટકા વધુ મોંઘી થશે. દેશમાં આવાસ ખરીદનારાઓ પર આ અતિરિક્ત ભારણ પડવાથી લોકોને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

કેન્દ્ર સરકારે અખત્યાર કરેલી આવાસ નીતિને મરણતોલ ફટકો પડશે. આથી ચાર્જેબલ એફએસઆઈ પર ૧૮ ટકા જીએસટી વસુલવાની દરખાસ્ત પર ફેર વિચારણા કરવા ક્રેડાઈએ ભારપૂર્વક અનુરોધ કર્યો છે.

ક્રેડાઈના ગુજરાતના પ્રેસીડેન્ટ દીપક પટેલે જણાવ્યું હતું કે, બાંધકામ વ્યવસાય ૧૮ ટકા જીએસટી લાગુ કરવાની દરખાસ્તથી આ પ્રકારની ચુકવણીઓના કારણે ડેવલોપર્સને અણધારેલી જવાબદારીઓ તથા અતિરિક્ત ભારણ ઉભી કરનાર પુરવાર થશે.

### બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં હિન્દુઓ પર અવિરત હુમલા - ભારત સરકાર ચિંતિત

## બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હુમલાઓના ૨૨૦૦ અને પાકિસ્તાનમાં ૧૧૨ કેસ નોંધાયા

નવી દિલ્હી તા.૨૧ બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં હિન્દુઓ પર હુમલાની ઘટનાઓ વધી રહી છે. સરકારે રાજ્યસભામાં જણાવ્યું હતું કે આ વર્ષે ૮ ડિસેમ્બર સુધી બાંગ્લાદેશમાં હિંદુઓ અને અન્ય લઘુમતીઓ વિરુદ્ધ હિંસાના ૨,૨૦૦ કેસ નોંધાયા છે.

વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે માનવાધિકાર સંગઠનોના ડેટાને ટાંકીને રાજ્યસભામાં એક લેખિત જવાબમાં કહ્યું કે આ વર્ષના ઓક્ટોબર સુધીમાં પાકિસ્તાનમાં હિંદુઓ અને અન્ય લઘુમતીઓ વિરુદ્ધ હિંસાના ૧૧૨ કેસ નોંધાયા છે. ગત વર્ષે બાંગ્લાદેશમાં લઘુમતીઓ વિરુદ્ધ હિંસાની ૩૦૨ ઘટનાઓ નોંધાઈ હતી જ્યારે પાકિસ્તાનમાં વર્ષ ૨૦૨૩માં આવી ૧૦૩ ઘટનાઓ નોંધાઈ હતી.

મંત્રીએ કહ્યું કે પાકિસ્તાન અને બાંગ્લાદેશ સિવાય, અન્ય પડોશી દેશોમાં લઘુમતીઓ વિરુદ્ધ હિંસાના કોઈ કેસ નોંધાયા નથી. મંત્રીએ કહ્યું, 'ભારત સરકારે પાકિસ્તાનને ધાર્મિક અસહિષ્ણુતા, સાંપ્રદાયિક હિંસા, લઘુમતી સમુદાયો પર હુમલા રોકવા અને તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવા પગલાં લેવા વિનંતી કરી છે. ભારત આંતરરાષ્ટ્રીય મંચો પર પાકિસ્તાનમાં લઘુમતીઓની દુર્દશાને પ્રકાશિત કરવાનું ચાલુ રાખે છે

સરકારે તેની ચિંતાઓ બાંગ્લાદેશ સરકાર સાથે પણ શેર કરી છે. ભારતને આશા છે કે ઢાકા લઘુમતીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જરૂરી પગલાં લેશે. ૯ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ બાંગ્લાદેશની વિદેશ સચિવની મુલાકાત દરમિયાન પણ આ જ વાતનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો.

### બાંગ્લાદેશમાં ત્રણ હિન્દુ મંદિરો પર હુમલો : ૮ મૂર્તિઓ ખંડીત કરાઈ

ઢાકા, તા.૨૧: બાંગ્લાદેશના મૈમનસિંહ અને દિનાજપુરમાં બદમાશોએ બે દિવસમાં ત્રણ હિંદુ મંદિરોની ૮ મૂર્તિઓ તોડી નાખી. તેનો દાવો એક મીડિયા રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. પોલીસે મંદિરમાં તોડફોડના મામલે એક વ્યકતિની ધરપકડ કરી છે. બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુ સમુદાય વિરુદ્ધની શ્રેણીબદ્ધ ઘટનાઓમાં આ તાજેતરની ઘટના છે.

### :: સમાચાર રાઉન્ડ અપ ::

- આજે વહેલી સવારે નેપાળમાં ૪.૮ની તિવ્રતાનો ભૂકંપનો જોરદાર આંચકો : લોકો ફફડી ઉઠયા.
- વડાપ્રધાન મોદી આજથી કુવૈતના બે દિવસના પ્રવાસે
- મધ્યપ્રદેશના દેવાસમાં ગેસ સિલીન્ડર ફાટવાના કારણે એક જ પરિવારના ૪ ના મોત.
- જયપુર ટેન્કર વિસ્ફોટ ઘટનામાં મૃત્યુઆંક વધીને ૧૪ થયો.

**મકાન વેંચવાનું છે**

જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે

:: કોન્ટેક ::
મો. ૯૯૦૧૨ ૭૨૯૯૫

CARE+ LABORATORY

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005

**અમારી બીજી બ્રાન્ચ**
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

**હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ**
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત ~~2870/-~~

**હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ**
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
+
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,ક્લોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપૂર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત ~~5060/-~~

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.

કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.



# ગુજરાત STEM ક્વિઝ ૩.૦ : પ્રીલીમનરી રાઉન્ડનું પરિણામ જાહેર

## દેશભરમાં ૧,૦૨૩ શાળાઓના ૨,૬૫૦ વિદ્યાર્થીઓ ઝોનલ અને રાષ્ટ્રીય સ્તરે સીલેકશન

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૧

ગુજરાત STEM ક્વિઝ ૩.૦ ના પ્રીલીમનરી રાઉન્ડનું પરિણામ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યા છે, જેમાં ૨,૬૫૦ વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક આ પ્રતિષ્ઠિત સ્પર્ધાના આગલા તબક્કામાં ભાગ લેશે. ગુજરાત STEM ક્વિઝ: ભારતની સૌથી મોટી STEM ક્વિઝ, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી(GUJCOST) અને ગુજરાત સાયન્સ સિટીનું એક સહયોગી સાહસ છે, જે યુવા મનમાં વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ(STEM)માં શીખવાની અને નવીનીકરણ માટે પ્રેરણા આપે છે. ગુજરાત STEM ક્વિઝની આ ત્રીજી આવૃત્તિમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રદર્શિત કરવામાં આવેલ અભૂતપૂર્વ પ્રતિસાદ અને અસાધારણ પ્રતિભાને ગુજરાત માટે ગર્વની વાત કહેવાય. આ પહેલ માત્ર જ્ઞાનની કસોટી નથી પરંતુ STEMમાં સર્જનાત્મકતા, વિવેચનાત્મક વિચાર અને નવીનતાને જન્મ આપે છે. ૨૦મી થી ૨૫મી ડિસેમ્બર ૨૦૨૪ દરમ્યાન ગુજરાતના ૭ ઝોનમાં ઝોનલ કક્ષાના રાઉન્ડ યોજાશે. સાયન્સ સિટી અમદાવાદ, નવરચના યુનિવર્સિટી વડોદરા, SVNIT સુરત, રીજીયોનલ સાયન્સ સેંટર્સ, પાટણ રીજીયોનલ સાયન્સ સેંટર્સ, રાજકોટ, રીજીયોનલ સાયન્સ સેંટર્સ ભાવનગર, રીજીયોનલ સાયન્સ સેંટર્સ ભુજ. દરેક ઝોનમાંથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓ જાન્યુઆરી ૨૦૨૫માં ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે યોજાનારી ગ્રાન્ડ ફિનાલેમાં આવશે. આ ક્વિઝમાં ગુજરાત બહારના રાજ્યો માટે, દરેક રાજ્યમાંથી ટોચના ૪ વિદ્યાર્થીઓને સીધા જ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદ કરવામાં આવ્યા છે. ગુજરાત STEM ક્વિઝ ૩.૦ના વિજેતા વિદ્યાર્થીઓ માટે કુલ રૂા.૨ કરોડના ઈનામો આપવામાં આવશે. વધુમાં, વિજેતા વિદ્યાર્થીઓને NFSU, ગાંધીનગર જેવી પ્રીમિયર સંસ્થાઓમાં બુટ કેમ્પ તથા SAC-ISRO- અમદાવાદ, DRDO- જોધપુર અને BARC-મુંબઈ જેવી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓની મુલાકાત લેવાની તક મળશે. GUJCOST એ વિદ્યાર્થીઓને તેમને આ ક્વિઝની તૈયારી કરવા માટે ૭,૦૦૦ થી વધુ પ્રશ્નો સાથેની એક ક્વિઝ બેંક તૈયાર કરી છે. આ પહેલ વૈજ્ઞાનિકો, ઈજનેરો અને સંશોધકોની આગામી પેઢીને ઉછેરવા માટેની ગુજરાતની પ્રતિબદ્ધતાના પુરાવા તરીકે ઉભી આવી છે. ગુજકોસ્ટ પ્રીલીમનરી રાઉન્ડમાં પસંદ પામેલ વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવે છે અને આગામી રાઉન્ડ માટે તેમને શુભેચ્છા પાઠવે છે. ગુજરાત STEM ક્વિઝ ૩.૦ વિદ્યાર્થીઓને STEMની દુનિયામાં વધુ રસ કેળવાય તેના માટે પ્રેરણા આપશે, જે ભારત માટે ઉજ્જવળ ભવિષ્ય બનાવે છે.

# ડાકોર અને દ્વારકાધીશના મંદિરના દર્શન-આરતીના સમયમાં ફેરફાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૧

ધનુર્માસનો પ્રારંભ થતા ડાકોરમાં ભગવાન રણછોડરાયજીના દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. સવારે ૦૬:૪૫ વાગ્યે થતી મંગળા આરતીના સમયમાં ફેરફાર કરાયો છે. જેમાં હવે શ્રદ્ધાળુઓ સવારે ૦૬:૧૫ વાગ્યે મંગળા આરતીના દર્શન કરી શકશે. ધર્નુમાસ દરમિયાન રણછોડરાયજીને વિશેષ ખીચડીનો ભોગ ધરાવવામાં આવે છે.

પ્રસિદ્ધ દ્વારકાધીશ જગતમંદિર ખાતે ધનુર્માસના ઉત્સવોમાં ભગવાનના દર્શનના સમયમાં ફેરફાર કરાયો હોવાથી ૨૪ ડિસેમ્બર એટલે કે મંગળવાર અને ગુરુવારે સવારે ૦૫:૩૦ વાગ્યે મંગળા આરતી, ૧૦:૩૦ વાગ્યે અનોસર, સાંજે ૦૫:૦૦ વાગ્યે ઉત્થાપન અને ત્યારબાદનો કાર્યક્રમ રાબેતા મુજબનો રહેશે.

જયારે જાન્યુઆરી ૨૦૨૫માં પણ ભગવાનના દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં ૦૭ અને ૦૯ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૦૫:૩૦ વાગ્યે મંગળા આરતી, ૧૦:૩૦ વાગ્યે અનોસર, સાંજે ૦૫:૦૦ વાગ્યે ઉત્થાપન અને ત્યારબાદનો કાર્યક્રમ રાબેતા મુજબનો રહેશે.

# ભાણવડ નજીક કારમાં લઈ જવાતા વિદેશી દારૂના જથ્થા સાથે શખ્સ ઝડપાયો : સપ્લાયરની શોધખોળ

## એલસીબી પોલીસે રૂપિયા ૩.૧૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૧

ભાણવડ તાલુકાના શીવા ગામ નજીકથી રાત્રિના સમયે પસાર થતી એક મોટરકારમાં લઈ જવાતા વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને એલસીબી પોલીસે ઝડપી લીધો હતો. આ પ્રકરણમાં અન્ય બે શખ્સોના નામ પણ ખુલવા પામ્યા છે. પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લા એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી તથા એસ.એસ. ચૌહાણની ટીમ દ્વારા બુધવારે રાત્રિના સમયે હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. અરજણભાઈ ચંદ્રવાડીયા, હેડ કોન્સ્ટેબલ પરેશભાઈ સાંજવા તથા મનહરસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે સતાપર ગામ તરફથી રાત્રિના આશરે એકાદ વાગ્યાના સમયે આવી રહેલી આવી ટાટા કંપનીની ઝેસ્ટ મોટરકારને અટકાવીને ચેકિંગ કરવામાં આવતા આ કારમાંથી વિદેશી દારૂની ૧૮૦ બોટલ મળી આવી હતી.આથી પોલીસે રૂપિયા ૧,૧૩,૦૭૬ ની કિંમતના પરપ્રાંતીય શરાબ તેમજ રૂપિયા બે લાખની કિંમતની મોટરકાર અને એક મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૩,૧૮,૦૭૬ ના મુદ્દામાલ સાથે ભાણવડ તાલુકાના આંબરડી ગામના રહીશ અમિત નારણભાઈ ચાવડાની અટકાયત કરી લીધી હતી. આ પ્રકરણમાં પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાનો રવિ ઉર્ફે સુનિલ અરશીભાઈ વરુ અને વનરાજ નામના બે શખ્સો પણ સંડોવાયેલા હોવાનું ખુલવા પામ્યું છે. આથી પોલીસે આરોપી અમિત નારણભાઈની અટકાયત કરી, અન્ય બે શખ્સોને ફરાર જાહેર કરીને આગળની તપાસ હાથ ધરી છે. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, અરજણભાઈ ચંદ્રવાડીયા, જયદેવસિંહ જાડેજા, પરેશભાઈ સાંજવા, ખીમાભાઈ કરમુર, ગોવિંદભાઈ કરમુર અને મનહરસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

# ખંભાળિયા : વિદાય લેતા શિક્ષકોને ભાવભર્યું વિદાયમાન અપાયું



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૧

દેવભૂમિ દ્વારકા અને જામનગર અને જિલ્લામાં કુલ ૩૩ વર્ષની સરકારી નોકરી કરીને ખંભાળિયા તાલુકાની દેરામોરા પ્રાથમિક શાળામાં ૨૧ વર્ષ ૫ મહિના અને ૨૫ દિવસ નોકરી કરીને પોતાના વતનમાં તાપી જિલ્લામાં બદલી થતા જ્યોતિષભાઈ ભગુભાઈ ચૌધરી અને કોઠારી કૃપાબેન પ્રવીણચંદ્ર તથા ચંદુભાઈ નરશીભાઈ નકુમનો વિદાય સમારંભ રામનગર વિસ્તારમાં આવેલા દેરામોરા ખાતે યોજાયો હતો. આ વિદાય સમારંભનું આયોજન સ્થાનિક યુવાનો, વડીલો, સરપંચ તથા શાળા પરિવાર દ્વારા કરવામાં આવ્યું. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન જીતેન્દ્રભાઈ કણજારીયા, જિલ્લા પંચાયતની સદસ્ય સંજયભાઈ નકુમ, જિલ્લા ભાજપ મહામંત્રી રસિકભાઈ નકુમ, નગરપાલિકાના મોહિતભાઈ મોટાણી, દેવભૂમિ દ્વારકા જિલ્લાના શૈક્ષિક સંઘના પ્રમુખ ઘેલુભાઈ છુછર, શિક્ષક શરાફી મંડળીના પ્રમુખ રામભાઈ ખુટી, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ જગદીશભાઈ ડેર, બ્રહ્મ સમાજના આગેવાન વિજયભાઈ રાજ્યગુરૂ, અહીંના તાલુકાના કેળવણી નિરીક્ષક રામજીભાઈ નકુમ, રામનગર ગામના સરપંચ સંજનાબેન નકુમ, મારૂતિ રામધૂન મંડળના મહંત સુરેશભાઈ નિમાવત, ગ્રામ પંચાયતના સભ્યો, એસ.એમ.સી.ના સભ્યો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં દેરામોરા વિસ્તારના ભાઈઓ- બહેનો, માલપુર તથા વેજલપુર અને ગોધરા કોઠારી પરિવાર અને શાહ પરિવાર, તાપી વ્યારાથી ચૌધરી પરિવારે વિદાય સમારંભમાં હાજરી આપી હતી. સાથે આગળની નોકરી માટે શુભેચ્છા પાઠવી, માદરે વતનમાં જઈને અહીં પ્રગટાવેલી શિક્ષણની જ્યોત ત્યાં પણ ચાલુ રાખે એવી શુભેચ્છાઓ સાથે વિદાય આપવામાં આવી હતી. વિધાર્થીઓ-વાલીઓ દ્વારા અશ્રુભીની આંખે બંને પતિ-પત્નીને વિદાય આપતી વખતે તેમની આ સેવાને બિરદાવીને સુંદર કામગીરી કરનારા શિક્ષકોને ભાવભરી વિદાય આપવામાં આવી હતી. બંને શિક્ષકો તરફથી ૨૯૦ બાળક તથા શાળાના શિક્ષકોને સ્મૃતિચિહ્ન આપવામાં આવ્યું હતું.

# સલાયા નજીકથી શંકાસ્પદ મોટર સાયકલ સાથે નીકળેલો શખ્સ ઝડપાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૧

ખંભાળિયા તરફ સલાયા ગામેથી આવી રહેલા એક મુસ્લિમ શખ્સને એસ.ઓ.જી. પોલીસે શંકાસ્પદ હાલતમાં મેળવેલા મોટરસાયકલ સાથે ઝડપી લઈ, ધોરણસર કાર્યવાહી કરી હતી. આ પ્રકરણ અંગે એસ.ઓ.જી. સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. પી.આઈ. પી.સી. સિંગરખીયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન હેડ કોન્સ્ટેબલ હરદીપસિંહ જાડેજા તેમજ કરણભાઈ સોંદરવાને મળેલી ચોક્કસ બાતમીના આધારે નંબર પ્લેટ વગરના મોટરસાયકલ પર સલાયાથી ખંભાળિયા તરફ આવી રહેલા સલાયાના રહીશ અને મટનની દુકાનમાં ચિકન કાપવાનું કામ કરતા રસીદ સુલેમાન ચમડીયા નામના ૩૫ વર્ષના મુસ્લિમ વાઘેર શખ્સને પોલીસે સલાયા નજીકની ચેક પોસ્ટ પાસે અટકાવીને પૂછપરછ કરતા તેની પાસે રહેલા મોટરસાયકલ અંગે તેના દ્વારા પોલીસને કોઈ સંતોષકારક જવાબ આપવામાં આવ્યો ન હતો. આટલું જ નહીં, તેની પાસે મોટરસાયકલ અંગેના જરૂરી કાગળો પણ ન હતા. આથી ઉપરોક્ત મોટરસાયકલ ચોરીથી અથવા છળકપટથી મેળવ્યું હોવાનું જણાતા પોલીસે હાલ રૂ. ૧૦,૦૦૦ ની કિંમતના ઉપરોક્ત મોટરસાયકલને શક પડતી મિલકત તરીકે કબજે લઈ અને આરોપી રસીદ સુલેમાનની વધુ તપાસ અર્થે તેનો કબજો સલાયા મરીન પોલીસને સોંપ્યો હતો. આ સમગ્ર કાર્યવાહી પી.સી. સીંગરખીયા, પી.એસ.આઈ. આર.જી. વસાવા, હરદેવસિંહ જાડેજા, હરદીપસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ રાઠોડ, વિજયસિંહ જાડેજા, કરણભાઈ સોંદરવા અને સ્વરૂપસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

# ખંભાળિયા શહેરમાં મંદિર નજીક કરાયેલા અતિક્રમણને દૂર કરવાની પોલીસ કાર્યવાહીની સાર્વત્રિક પ્રશંસા





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૧

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તત્વો દ્વારા કરાતા અનધિકૃત દબાણને દૂર કરવાની કાર્યવાહી સમગ્ર રાજ્યમાં નોંધપાત્ર બની રહી છે. ત્યારે અગાઉના વર્ષોમાં પવિત્ર ધર્મસ્થાન બેટ દ્વારકા તેમજ હર્ષદ બંદર વિસ્તારમાં કરાયેલા અનધિકૃત દબાણને દૂર કરવા માટે પોલીસ તેમજ જિલ્લા પ્રશાસન દ્વારા કડક કાર્યવાહી કરીને લાખો ફૂટની કિંમતી સરકારી જગ્યા પર ફેરવવામાં આવ્યું હતું છે. આ કાર્યવાહીની સમગ્ર રાજ્યમાં નોંધ લેવામાં આવી હતી. આ પછી તાજેતરમાં ખંભાળિયાના દ્વારકા ગેઈટ વિસ્તારમાં આવેલા એક પ્રાચીન મંદિરની નજીકમાં કિંમતી જમીન પર વિધર્મીઓ દ્વારા બોગસ દસ્તાવેજના આધારે કરવામાં આવેલા દબાણ તેમજ આ જગ્યાને વાળી લઈ, રસ્તો બંધ કરવાની બાબત સંદર્ભે પોલીસ દ્વારા આકરી કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં મહિલા સહિત પાંચ આસામીઓ સામે વિધિવત રીતે ગુનો નોંધી, આરોપીઓની ધરપકડ કરાયા બાદ મંદિર નજીકનું દબાણ ખુલ્લુ કરવા સહિતની કાર્યવાહી પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવી હતી. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લો પોલીસ વડા નિતેશ પાંડેયની સીધી દેખરેખ હેઠળ કરવામાં આવેલી કામગીરીની ગૃહમંત્રીએ પણ નોંધ લઈ, અને સમગ્ર રાષ્ટ્ર કક્ષાએ પોલીસની કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી.

# પોલીસે ૫ શખ્શો સામે FIR કરી અટકાયત કરી, જેમાં ૨ લોકોનું મૃત્યુ થઈ ગયેલ હોવાનું સામે આવ્યુ

દ્વારકા, તા.૨૧

દ્વારકા જિલ્લાના ખંભાલીયામાં આવેલ ૫૦ વર્ષથી વધુ જૂના સંતોષી માતાના મંદિરને હનીફ, સુલેમાન, ગફાર, સુલેમાન, અબ્બાસ અને ઉમરે ઈરાદાપૂર્વક બ્લોક કર્યું હતું. જો કે, ઝડપી પોલીસ કાર્યવાહીને કારણે, એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી, અને અતિક્રમણ સાફ કરવામાં આવ્યું હતું ખંભાળિયાના દ્વારકા ગેઈટ વિસ્તારમાં આવેલા રજવાડાના સમયના સંતોષી માતાજીના મંદિર નજીકના પ્લોટના બોગસ દસ્તાવેજો તેમજ ઉતરોતર તૈયાર કરાવી અને સીટી સર્વે અધિકારીઓ તેમજ કર્મચારીઓ સાથે સુનિયોજિત મિલાપીપણું રચી, અને કૌભાંડ આચરી, મંદિરના રસ્તા આડે આડસ ઊભી કરવામાં આવી હતી. તેને દૂર કરવામાં આવ્યું છે. આ સમગ્ર પ્રકરણ સંદર્ભે અહીંના દ્વારકા ગેઈટ વિસ્તારમાં આવેલા સંતોષી માતાજીના મંદિર ખાતે સેવા પૂજાનું કામ કરતા હિરેનપુરી પ્રતાપપુરી ગોસ્વામી દ્વારા ખંભાળિયા પોલીસ મથકમાં રાજકોટના ૫, કિસાનપરા વિસ્તારમાં રહેતા ખતીજા કાસમ ખફી, ખંભાળિયામાં પઠાણ પાડ વિસ્તારમાં રહેતા ગુલમામાદ સુલેમાન ખફી, તેના બે પુત્રો હનીફ ગુલમામદ અને અબ્બાસ ગુલમામદ તેમજ અહીંના ભરવાડ પાડો વિસ્તારમાં રહેતા અબ્બાસ ઉંમર ખીરા નામના કુલ પાંચ શખ્સો સામે ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ફરિયાદ મુજબ સંતોષી માતાજીના મંદિરમાં કેટલાક સમયથી ભક્તો, શ્રદ્ધાળુઓને આવવા-જવાનો રસ્તો બંધ કરી દેવાની તજવીજ કરવામાં આવી હતી. આમ, નવાનગર જામ સાહેબના સ્ટેટનો લેખ બનાવી અને ૧૯૫૯માં કાસમ મેરુને વેચાણનો ખોટો દસ્તાવેજ કરી, તેનો ખરા તરીકે ઉપયોગ કરીને સીટી સર્વેમાં સેટીંગથી ચડાવી, આ જમીન વર્ષ ૨૦૨૧ માં હુસેન આબુ ભોકલને વેચાણ દસ્તાવેજથી આપવામાં આવી હોવાનું આ ફરિયાદમાં જાહેર થયું છે. આરોપીઓ દ્વારા પૂર્વાયોજિત કાવતરું રચીને અધિકારીઓ-કર્મચારીઓ સાથે સેટિંગ કરીને સરકારની માલિકીના ખોટા કીમતી દસ્તાવેજ તૈયાર કરીને ૫૦ વર્ષથી મંદિરે દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓના રસ્તામાં આડસ ઉભી કરી, જમીન પચાવી પાડવાની પેરવી થયાનું પણ વધુમાં જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણ સંદર્ભે પોલીસે તમામ પાંચ આરોપીઓ સામે આ પ્રકરણમાં જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય તથા ડીવાયએસપી ડો. હાર્દિક પ્રજાપતિની સૂચના અને માર્ગદર્શન હેઠળ આરોપી હનીફ સુલેમાન ખફી, ગફાર સુલેમાન ખફી અને અબ્બાસ ઉમર ખફીની અટકાયત કરી હતી.

# દેવભૂમિ દ્વારકામાં ભેજાબાજોએ કમાણી કરવા ધાર્મિક સ્થળો પરની હોટેલને નિશાન બનાવીને ફેક વેબસાઈટ બનાવી, પ્રવાસીઓ સાથે હોટેલ સાથે પણ અનેક લોકો સાથે છેતરપિંડી કરી : તપાસમાં થયો ખુલાસો

## સાયબર ક્રાઈમ પોલીસે ફેક વેબસાઈટ બનાવી નાણાં પડાવતી ગેંગને પકડી પાડી, બે શખ્સોની અટકાયત કરી



દ્વારકા, તા.૨૧

દેવભૂમિ દ્વારકામાં કાળો કારોબાર. ફેક વેબસાઈટ બનાવી નાંણા પડાવતી ગેંગનો પર્દાફાશ થયો. દેવભૂમિ દ્વારકામાં કાળો કારોબાર. ફેક વેબસાઈટ બનાવી નાંણા પડાવતી ગેંગનો પર્દાફાશ થયો. સાયબર ક્રાઈમ પોલીસે ફેક વેબસાઈટ બનાવી નાણાં પડાવતી ગેંગને ઝડપવામાં મોટી સફળતા મળી.ગઠિયાઓ દ્વારા ગ્રાહકોની પૂછપરછ ઓનલાઈન ફેક રૂમ બુક કરતા. ગ્રાહકોને ઓછા ભાડાની લાલચ આપી રૂમ બુક કરાવી નાણાં પડાવવાનું કૌભાંડ આચરવામાં આવતું હતું.સાયબર ક્રાઈમ વિપુલ કોઠીયા અને ટીમ દ્વારા ગ્રાહકોને ફસાવનાર ગેંગને ઝડપવામાં મોટી સફળતા મળી. રાજ્યમાં દેવભૂમિ દ્વારકા પ્રવાસન માટે વધુ જાણીતું સ્થળ છે. આથી જ અંહી હોટલનો કારોબાર વિકસ્યો છે. મુલાકાતીઓ દ્વારા ઓનલાઈન બુકિંગ કરી હોટલોના રૂમ બુક કરાવવામાં આવે છે. ભેજાબાજ દ્વારા આ બાબતનો લાભ લઈ ફેક વેબસાઈટ બનાવવામાં આવી. આ ગેંગે ગુગલ એડસ અને બનાવટી વેબસાઈટ બનાવી પ્રવાસીઓ સાથે હોટેલ સાથે પણ છેતરપિંડી કરી. ભેજાબાજો કમાણી કરવા ધાર્મિક સ્થળો પરની હોટેલને નિશાન બનાવે છે. આ સ્થાન પરની જે લોકપ્રિય હોટેલની ગૂગલમાં જાહેરાત આવતી હોય તેના જેવી જ એડસ બનાવતા. એટલે કે જે હોટલ દ્વારા ઓનલાઈન પ્લેટફોર્મ પર તેમની એડસ આપતા હોય તેવી જ એડ, ભેજાબાજો પોતાની ફેક વેબસાઈટ પેજ પર મૂકતા. અને આના કારણે અનેક પ્રવાસીઓ આ એડ જોઈ ઓનલાઈન બુકિંગ કરતા હતા. પર્યટક સ્થળો અને ધાર્મિક સ્થળોમાં આવેલ હોટેલોને ભેજાબાજો કમાણી કમાવાના સાધન તરીકે ટાર્ગેટ કરી રહ્યા છે. આ ગઠિયાઓ હોટેલોની ફેક વેબસાઈટ બનાવી ઓછા પૈસે રૂમની લાલચ આપતા. ઓછા ભાડાની લાલચમાં ગ્રાહક લલચાઈ અને રૂમ બુક કરાવતા. ગ્રાહકનું ફેક બુકિંગ થયા બાદ ગઠીયા નાણા પડાવી ફોન બંધ કરી દેતા. આ ટોળકીએ અત્યાર સુધીમાં અનેક ગ્રાહકોને છેતર્યાની આશંકા સેવાઈ રહી છે. સમગ્ર મામલે બે શખ્સોની અટકાયત કરી છે.

# ખંભાળિયા વિસ્તારમાં ગૌચરની જમીન ઉપર વ્યાપક દબાણો : ગૌસેવા સંસ્થા દ્વારા તંત્રને રજૂઆત

## કરોડો રૂપિયાની કિંમતી જમીન પરનું દબાણ દૂર કરવા માંગ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૧

ખંભાળિયા શહેરની નજીકમાં આવેલી ગ્રામ પંચાયતોના વિસ્તારમાં સરકારની ગૌચરની જમીન ઉપર અનેક સ્થળોએ ભૂમાફિયાઓ દ્વારા દબાણ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપો સાથે આ અંગે ગૌસેવા સંસ્થા દ્વારા જિલ્લા કલેકટરને લેખિત પત્ર પાઠવવામાં આવ્યો છે.

ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારોમાં ખાસ કરીને ગૌવંશ સહિત અનેક પ્રકારના અબોલ પશુ-પક્ષીઓની નિયમિત રીતે સેવાઓ કરતી સંસ્થા એનીમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અહીંના જિલ્લા કલેકટરને એક લેખિત પત્ર પાઠવીને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

આ પત્રમાં જણાવાયા મુજબ ખંભાળિયા શહેરને સંલગ્ન આવેલી ધરમપુર, રામનગર, શક્તિનગર અને હર્ષદપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં અનેક શખ્સો દ્વારા ગૌચરની જમીનને વણાંકી લેવામાં આવી છે. ત્યારે આ પ્રકારનું જમીન દબાણ તાકીદે દૂર કરાવી અને ગૌચરની આ જગ્યા ગૌવંશ માટે ખુલ્લી કરાવવામાં આવે તેવી માંગ આ પત્રમાં કરવામાં આવી છે. કરોડો રૂપિયાની કિંમતી મનાતી આ જમીન પર દબાણ હટાવવામાં આવે તેવી રજૂઆત સંસ્થાના પ્રમુખ દેશુરભાઈ ધમા દ્વારા કરાઈ છે.

સાથે પત્રની નકલ રાજ્યના મુખ્યમંત્રી તેમજ ગૃહમંત્રીને પણ મોકલવામાં આવી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ધર્માંતરણ પર યોગ્ય ચુકાદો

મદ્રાસ હાઈકોર્ટમાં એક મહિલાએ ઈસાઇ હોવા છતાં હિંદુ દલિત હોવાનું પ્રમાણપત્ર માગ્યું હતું. ન્યાયાલયે ટિપ્પણી કરી કે માત્ર નોકરી માટે ધર્માંતરણ બંધારણની વિરુદ્ધ છે. સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાને સ્વીકાર કરી લીધો છે. ન્યાયાલયે કહ્યું કે અનામતનો લાભ ઉઠાવવા માટે કરાયેલ ધર્માંતરણ બંધારણ સાથે છેતરપિંડી છે. સુપ્રીમ કોર્ટનો તાજો ચુકાદો આવકાર્ય બન્યો છે. રાષ્ટ્રપતિના ૧૯૫૦ના આદેશમાં કહેવાયું છે કે માત્ર હિંદુઓ, બૌદ્ધ, જૈન સહિત શીખોના દલિતોને અનુસૂચિત જાતિનો દરજ્જો મળી શકે છે. બંધારણમાં ધર્મ પ્રચારની સ્વતંત્રતા છે અને કોઈપણ પંથ કે વિશ્વાસને સ્વીકાર કરવાની પણ સ્વતંત્રતા છે. કોર્ટે ભાર મૂકતાં કહ્યું કે ધર્માંતરણ સાચા વિશ્વાસથી પ્રેરિત હોય છે, નહીં કે ગુપ્ત ઉદ્દેશ્યોથી. ધર્માંતરિત દલિત ઈસાઇ-મુસ્લિમની અનામત સાથે જોડાયેલી માંગ જૂની છે. ધર્માંતરિત અનુસૂચિત જાતિને સરકારી પ્રયોજનો માટે અનુસૂચિત જાતિનો ન માની શકાય. તેમને ઈસાઇ કે મુસ્લિમ બની જવાનો કોઈ લાભ નહીં મળે. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાના વ્યાપક પ્રભાવ પડશે.

ધર્માંતરણ અંગ્રેજી રાજ પહેલેથી જ રાષ્ટ્રીય બેચેનીનો વિષય રહ્યું છે. મિશનરી હોસ્પિટલ, સ્કૂલ અને તમામ સુવિધાઓ આપીને ગરીબોનું ધર્માંતરણ કરાવે છે. તમિલનાડુ, કેરળ, તેલંગણા અને ઝારખંડ વગેરે કેટલાય રાજ્યોમાં ધર્માંતરણ ચાલુ છે. મહાત્મા ગાંધીએ ૧૯૩૬માં હરિજનમાં લખ્યું હતું, ‘તમે પુરસ્કાર રૂપે ઈચ્છો છો કે તમારા દર્દી ઈસાઇ બની જાય.’ ડો.આંબેડકરે પણ કહ્યું હતું કે ‘ગાંધીજીના તર્ક સાથે તેઓ સહમત છે, પરંતુ તેમને ઈસાઇ પંથ પ્રચારકોને સ્પષ્ટ શબ્દોમાં કહી દેવું જોઈએ કે પોતાનું કામ અટકાવી દે.’ તેમણે વ્લાદિમીરના ઈસાઇ હોવા અને એક સાથે ભારે ભીડના ધર્માંતરણનું ઉદાહરણ આપતાં કહ્યું, ‘ઈતિહાસ સાક્ષી છે કે છેતરપિંડીને કારણે ધર્મપરિવર્તન થયાં છે.’ આફ્રિકી આર્કબિશપ ડેસમંડ ટૂટૂએ કહ્યું હતું, ‘જ્યારે મિશનરી આફ્રિકા આવ્યા ત્યારે તેમની પાસે બાઈબલ હતું અને અમારી પાસે ધરતી. મિશનરીએ કહ્યું કે અમે બધા પ્રાર્થના કરીએ. અમે પ્રાર્થના કરી. આંખો ખોલી તો જોયું કે અમારી પાસે બાઈબલ હતું અને જમીન તેમના કબ્જામાં!’ છળકપટથી કરાયેલ ધર્માંતરિત વ્યક્તિની દેશ પ્રત્યે કોઈ આસ્થા નથી રહેતી. વિશ્વવિખ્યાત લેખક વી.એસ. નાયપોલે લખ્યું છે, ‘જેનું ધર્મપરિવર્તન થાય છે, તેનો પોતાનો ભૂતકાળ નષ્ટ થઈ જાય છે. નવા વિશ્વાસને કારણે તેના પૂર્વજ બદલાઈ જાય છે. તેણે કહેવું પડે છે કે અમારા પૂર્વજોની સંસ્કૃતિ અસ્તિત્વમાં નથી અને કોઈ અર્થ નથી ધરાવતી.’

આઝાદી બાદ મધ્ય પ્રદેશની કોંગ્રેસી સરકાર પણ ધર્માંતરણથી પરેશાન રહી. એ દોરમાં મુખ્યમંત્રી રહેલા રવિશંકર શુક્લએ ન્યાયમૂર્તિ ભવાની શંકર નિયોગીની અધ્યક્ષતામાં તપાસ કમિટી બનાવી. સમિતિએ ૧૪ જિલ્લાના લગભગ ૧૨,૦૦૦ લોકોનાં નિવેદન લીધાં. ઈસાઇ સંસ્થાઓને પણ પોતાનો પક્ષ રજૂ કરવાનો અવસર મળ્યો. નિયોગી સમિતિએ ધર્માંતરણના લ-યને લઈને ભારત આવેલા વિદેશી તત્ત્વોને દેશથી બહાર કરવાની ભલામણ કરી. ઉચ્ચ ન્યાયાલયના સેવાનિવૃત્ત ન્યાયમૂર્તિ એમ.એલ. રેંગેના નેતૃત્વવાળી તપાસ સમિતિએ ઈસાઇ ધર્માંતરણને જ તોફાનોનું કારણ ગણાવ્યું. વેણુગોપાલ આયોગે આ કૃત્ય રોકવા માટે નવા કાયદાની ભલામણ કરી. ઓડિશામાં સક્રિય ઈસાઇ પંથ પ્રચારક ગ્રાહમ સ્ટેન્સ અને તેનાં બે બાળકોને સળગાવી મારવાની ઘટનાની તપાસ કરનારા વાધવા આયોગે પણ ઈસાઇ ધર્માંતરણને ચિહ્નિત કર્યું.

૨૦૨૦માં મોદી સરકારે સખ્તાઈ દેખાડી અને ચાર મોટા ઈસાઇ સંગઠનોના અનુમતિ પત્ર અને વિદેશી અનુદાન વિનિયમન અધિનિયમ જોગવાઈ રદ્દ કરી દીધી. અધિનિયમના સંશોધનમાં તમામ એનજીઓને ૨૦ ટકાથી વધારે પ્રશાસનિક ખર્ચ ન કરવાના નિર્દેશ છે. તેના પહેલાં એનજીઓ વિદેશી સહાયતાના ૫૦ ટકા હિસ્સો પ્રશાસનિક ખાતામાં દેખાડતા હતા, પરંતુ આ રકમનો ઉપયોગ ધર્માંતરણ માટે થતો હતો. વિદેશી અનુદાનને કોઈ અન્ય સંગઠનને હસ્તાંતરિત થતાં પણ રોક લગાવવામાં આવી હતી. દરેક દૃષ્ટિએ પ્રશંસનીય આ કાનૂની સંશોધનનો પણ વિરોધ થયો. તૃણમૂલ કોંગ્રેસે અધિનિયમનો વિરોધ કર્યો હતો. કોંગ્રેસના અધીર રંજન ચૌધરીએ તેને વિપક્ષનો અવાજ દબાવવાની કોશિશ ગણાવી હતી.

ધર્મ પ્રચારનો અધિકાર ખતરનાક છે. તેનો સદુપયોગ વિરલ છે અને ફાયદા માટે દુરુપયોગ આસાન છે. ધર્મ કોઈ ઉપભોક્તા વસ્તુ નથી. ઉપભોક્તા વસ્તુઓનો પ્રચાર થાય છે. ધર્મ સાધનાના તલ પર વ્યક્તિગત છે અને સામુહિક સ્તર પર રાષ્ટ્રજીવનની આચાર સંહિતા. ઈસાઇ અને ઈસ્લામ સહિત તમામ પંથ, મત અને મજહબ ધર્મ નથી. તેઓ પંથ/રિલિજન છે. પ્રત્યેક પંથ અને રિલિજનના કોઈને કોઈ પયગંબર અથવા દેવદૂત હોય છે. સનાતન ધર્મમાં એવું નથી. બંધારણ સભાના મોટાભાગના સદસ્યો ધર્મ પ્રચારના અધિકારની વિરુદ્ધ હતા. સભામાં તજમ્મુલ હુસૈને કહ્યું હતું, ‘હું તમને મારી પદ્ધતિથી મુક્તિ માટે શું કામ કહું? તમે પણ મને એવું શું કામ કહો? આખરે ધર્મ પ્રચારની જરૂર જ શી છે?’ લોકનાથ મિશ્રએ ધર્મપ્રચારને ગુલામીનો દસ્તાવેજ ગણાવ્યો હતો. ક.મા. મુન્શીએ કહ્યું, ‘ભારતીય ઈસાઈ સમુદાયે આ શબ્દ રાખવા પર ભાર મૂક્યો. પરિણામ ગમે તે હોય. આપણે જ સમજૂતી કરી છે, આપણે તેને માનવી જોઈએ.’ શું ભારતીય નેતૃત્વએ અંગ્રેજો સાથે ધર્મપ્રચારના અધિકારને બંધારણમાં લેવાની સમજૂતી કરી હતી?

ધર્માંતરિત અનુસૂચિત જાતિઓ, દલિતોને અનુસૂચિત જાતિની શ્રેણીમાં ન રાખી શકાય. ધર્માંતરિત દલિતોને અનુસૂચિત જાતિના હોવાના આધાર પર અનામત આપવી ભારતીય સમાજ સાથે કદમ મિલાવીને ચાલનારા મૂળ દલિતોને નુક્સાન પહોંચાડવા સમાન છે. દલિતોએ કેટલાંય કષ્ટ સહન કર્યાં છે. તેઓ રાષ્ટ્રજીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સક્રિય છે. તેમના હિસ્સાની તકો ધર્માંતરિત ઈસાઈઓ અને મુસ્લિમોને ન આપી શકાય. શીર્ષ અદાલતે આ વિચારને ફગાવી દીધો છે. છળકપટથી ધર્માંતરણના કૃત્યમાં જોડાયેલ મિશનરીઓએ ગરીબો, અનુસૂચિત જાતિઓને ધર્માંતરણનો ચારો ફેંકવાની પ્રવૃત્તિ રોકવી જોઈએ. આ અર્થમાં સુપ્રીમ કોર્ટનો તાજો નિર્ણય સ્વાગતયોગ્ય છે.

### ગુજરાતની જનતાની સુવિધા માટે દાદાની સરકારનો મોટો નિર્ણય

# CM ભૂપેન્દ્ર પટેલે પાંચ રસ્તાઓના રિસરફેસીંગ માટે રૂા. ૧૩૧ કરોડ મંજૂર કર્યા

## રિસર્ફેસીંગ માટે રાજ્યના પાંચ રસ્તાઓની પસંદગી કરવામાં આવી છે



અમદાવાદ,તા.૨૧

**CM** ભૂપેન્દ્ર પટેલે પાંચ રસ્તાઓના રિસરફેસીંગ માટે ૧૩૧ કરોડ કર્યા મંજૂર, રિસર્ફેસીંગ માટે રાજ્યના પાંચ રસ્તાઓની પસંદગી કરવામાં આવી છે

ગાંધીનગર : ગુજરાત વિકાસ સડસડાટ દોડી રહ્યો છે. ગુજરાતના નાગરિકોને વધુ સુવિધા માટે ગુજરાત સરકારે મોટી જાહેરાત કરી છે. ગાંધીનગરમાં ૧૪૨ કિ.મી.ના પાંચ રસ્તાઓના રિસરફેસીંગ માટે ૧૩૧ કરોડ રૂપિયા મંજૂર કર્યા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના અગત્યના પ્રોજેક્ટસ સાથે કોર નેટવર્કને જોડતા કે પુરક રસ્તા તરીકે કાર્યરત કુલ ૧૪૨ કિ.મી.ના પાંચ રસ્તાઓના રિસરફેસીંગ માટે ૧૩૧ કરોડ રૂપિયા મંજૂર કર્યા.

- પેથાપુર-નારદિપુર-ખેરવા ૨૨.૪૦ કિ.મી. માટે રૂ. ૨૭.૭૫ કરોડ
- જામનગર-લાલપુર-વેરાદ ૩૧.૮૫ કિ.મી. માટે રૂ. ૧૮.૦૨ કરોડ
- નડિયાદ-પેટલાદ-ખંભાત ૨૪.૦૦ કિ.મી. માટે રૂ. ૨૩.૪૫ કરોડ
- ચિખલી-ધરમપુર ૨૦.૪૫ કિ.મી. માટે રૂ. ૧૯.૯૮ કરોડ
- ભુજ-મુંદ્રા ૪૩.૫૦ કિ.મી માટે રૂ. ૪૨.૫૧ કરોડ

રાજ્યના અગત્યના માર્ગોના નિર્માણની રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન હસ્તકની કામગીરી વધુ ગતિશીલ બનશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગુજરાત સ્ટેટ રોડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન દ્વારા રાજ્યમાં હાથ ધરાઈ રહેલા અગત્યના પ્રોજેક્ટસ સાથે કોર નેટવર્કને જોડતા તથા તેને પૂરક માર્ગો તરીકે કાર્યરત કુલ પાંચ જેટલા રસ્તાઓના રીસરફેસિંગ માટે ૧૩૧ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

તદઅનુસાર, પેથાપુર-નારદીપુર-ખેરવા ૨૨.૪૦ કિ.મી, જામનગર-લાલપુર-વેરાદ ૩૧.૮૫ કિ.મી. તેમજ નડિયાદ-પેટલાદ-ખંભાત ૨૪.૦૦ કિ.મી. અને ચીખલી-ધરમપુર ૨૦.૪૫ કિ.મી. તથા ભુજ-મુંદ્રા ૪૩.૫૦ કિ.મી. માર્ગોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારના સાહસ સ્ટેટ રોડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન દ્વારા પાછલા બે વર્ષમાં સમગ્ર રાજ્યમાં વિવિધ મહત્વપૂર્ણ માર્ગોના નિર્માણ, રીસર્ફેસિંગ, વિસ્તૃતિકરણ વગેરે માટે કુલ ૨૯૯૯ કરોડ રૂપિયાના કામો હાથ ધરવામાં આવેલા છે.

### અલ્લુ અર્જુનની ધરપકડ મુદ્દે લૉયર સના ખાનનું નિવેદન

# ભીડને સાચવવાનું કામ એક્ટર્સનું નથી : સના ખાન

## લૉયર સના રઈસ ખાને અલ્લુ અર્જુનને સપોર્ટ કર્યો



મુંબઈ, તા.૨૧

અલ્લુ અર્જુનની ફિલ્મ ’પુષ્પા ૨’ની સ્ક્રીનિંગ પર નાસભાગ મચી ગઈ હતી જેણે બધાને ચોંકાવી દીધા હતા. હૈદરાબાદના સંધ્યા થિયેટરમાં ફિલ્મની સ્ક્રીનિંગ પર અલ્લુ અર્જુન ખુદ ચાહકો સાથે પોતાની ફિલ્મ જોવા પહોંચ્યો હતો. એક્ટરને જોવા માટે એકઠી થયેલી ભીડમાં નાસભાગ મચી ગઈ હતી અને તેમાં એક રેવતી નામની મહિલાનું મોત થઈ ગયું હતું. બીજી તરફ આ મહિલાનો ૯ વર્ષનો પુત્ર શ્રીતેજ ગંભીર રીતે ઘાયલ થઈ ગયો હતો અને હજું પણ વેન્ટિલેટર પર છે.

આ મામલે પોલીસે ’પુષ્પા ૨’ સ્ટાર અલ્લુ અર્જુનની ધરપકડ પણ કરી હતી, જોકે તેને બીજા જ દિવસે જામીન મળી ગયા હતા. પરંતુ અર્જુનની ધરપકડને લઈને લોકોમાં નારાજગી છે. હવે બિગબોસ ૧૭નો હિસ્સો રહેલી ક્રિમિનલ લૉયર સના રઈસ ખાને પણ અલ્લુ અર્જનને સપોર્ટ કર્યો છે. ઘણાં હાઈ પ્રોફાઈલ કેસ સાથે જોડાય ચૂકેલી સનાએ કહ્યું છે કે આ દુઃખદ ઘટનામાં ફિલ્મ સ્ટારને દોષી ન ઠેરવી શકાય, કારણ કે ભીડને મેનેજ કરવાની જવાબદારી ઈવેન્ટ ઓર્ગેનાઈઝરની છે, એક્ટર્સની નથી.

સનાએ કહ્યું કે, ’અલ્લુ અર્જનનું મજબૂત સ્ટારડમ પોતાની સાથે પેશેનેટ અને જબરદસ્ત ફેન ફોલોઈંગ પણ લઈને છે. આવી લોકપ્રિયતાના કારણે બેકાબૂ ભીડ એકઠી થઈ શકે છે, એ સમજવું ખૂબ જ મહત્વનું છે કે ભીડને મેનેજ કરવી એ ઈવેન્ટના ઓર્ગેનાઈઝર્સ અને લોકલ ઓથોરિટીની જવાબદારી છે, એક્ટર્સની નથી. સનાએ વધુમાં કહ્યું હતું કે, અલ્લુ અર્જુનને એક એવી ભૂલ માટે જવાબદાર ઠેરવવામાં આવ્યો જે તેના કંટ્રોલની બહાર હતું. આ માત્ર અન્યાય જ નથી પરંતુ એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં અન્ય લોકો માટે એક ખોટું ઉદાહરણ પણ સેટ કરે છે.

સનાએ આગળ કહ્યું કે, કાયદાકીય રીતે અલ્લુ અર્જુનની વચગાળાની જામીન ન્યાયિક પ્રણાલીની સમજણ દર્શાવે છે કે કદાચ તેની ધરપકડ કરવાની કોઈ જરૂર નહોતી. ફોજદારી જવાબદારી નક્કી કરવા માટે બેદરકારીના પુરાવા અથવા તેમને નાસભાગ સાથે સીધી રીતે જોડતા પુરાવા હોવા જોઈએ. પરંતુ જે હકીકતો સામે આવી છે તે પ્રમાણે એવું કંઈ નજર નથી આવી રહ્યું. પોતાના ચાહકો સાથે સંબંધિત દરેક ઘટના માટે એક્ટર્સને જવાબદાર ન ઠેરવી શકાય. સિવાય કે તેમની તરફથી કોઈ વ્યવહારિક ભૂલ થઈ હોય અથવા પબ્લિક સેફ્ટીને લઈને કોઈ ચૂક થઈ હોય.

સનાએ એક્ટર્સને એ પણ સલાહ આપી કે, તેમણે આવા કાનૂની કેસથી બચવા માટે પોતાનામાં થોડો ફેરફાર કરવો જોઈએ.

તેમણે પોતે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે સુરક્ષા ગાઈડ લાઈન ફોલો કરવામાં આવે, સુરક્ષા વ્યવસ્થા પ્રોપર હોય અને ભીડનું નિયંત્રણ યોગ્ય રીતે કરવામાં આવે છે. તમને જણાવી દઈએ કે, નાસભાગ કેસમાં અલ્લુ અર્જુનને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. બાદમાં તેને ૫૦ હજાર રૂપિયાના બોન્ડ પર ૪ અઠવાડિયા માટે વચગાળાના જામીન આપી દેવામાં આવ્યા હતા.

### નવા વર્ષની ઉજવણી પહેલા બહાર પાડ્યો આદેશ

# કેન્દ્રશાસિત પ્રદેશમાં પ્રવાસન સ્થળો પર દારૂ પીવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો

## દીવ પ્રશાસને નશામાં ધૂત પ્રવાસીઓના નિયંત્રણ બહાર જવાની ઘટનાઓને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

દીવ,તા.૨૧

પ્રવાસીઓ માટે સ્વર્ગ તરીકે ઓળખાતા કેન્દ્રશાસિત પ્રદેશમાં પ્રવાસન સ્થળો પર દારૂ પીવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. દીવ પ્રશાસને નશામાં ધૂત પ્રવાસીઓના નિયંત્રણ બહાર જવાની ઘટનાઓને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. જિલ્લા કલેક્ટરના આદેશ મુજબ હવે પ્રવાસીઓ દીવના પ્રવાસન સ્થળો પર ટ્રાફિક જામ સર્જી શકશે નહીં. તેમજ તેઓ બોટલમાંથી દારૂ પી શકશે નહીં. કલેક્ટરના આદેશ બાદ તમામ પ્રવાસન સ્થળો પર આ પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે.જિલ્લા કલેક્ટર રાહુલ દેવ બુરાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ હેઠળ જાહેરનામું બહાર પાડ્યું છે.

જેમાં ઘોઘલા બીચ, નાગોઆ બીચ, દીવ જેઠીભાઈ બસ સ્ટેન્ડ, દીવ કિલ્લો, સેન્ટ પોલ ચર્ચ, જલંધર બીચ અને અન્ય જાહેર સ્થળોએ દારૂ પીવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. નોટિફિકેશન હાઈલાઈટ કરે છે કે ઘણા લોકો દારૂની દુકાનોમાંથી દારૂ ખરીદે છે અને નજીકમાં અથવા જાહેર વિસ્તારોમાં તેનું સેવન કરે છે, જેના કારણે કાચની બોટલો, દારૂના કન્ટેનર ખુલ્લામાં ફેંકી દેવામાં આવે છે અને હિંસા, અશિષ્ટતા અને ગુનાહિત પ્રવૃત્તિઓના બનાવો વધે છે.કલેક્ટર દ્વારા બહાર પાડવામાં આવેલ આ આદેશ આગામી ૬૦ દિવસ માટે અમલમાં મૂકવામાં આવ્યો છે. નોટિફિકેશનમાં એ સ્પષ્ટ નથી થયું કે આ આદેશ ભવિષ્યમાં પણ લાગુ રહેશે કે કેમ?

વહીવટીતંત્રના આ આદેશને નવા વર્ષ પર પ્રવાસીઓને નિયંત્રિત કરવાની તૈયારીઓ સાથે જોડવામાં આવી રહ્યો છે. નોટિફિકેશન જણાવે છે કે આવી વર્તણૂક કૌટુંબિક સહેલગાહમાં વિક્ષેપ પાડે છે, જાહેર તકરારનું જોખમ ઊભું કરે છે અને મિલકતને નુકસાન અથવા વ્યક્તિગત ઈજામાં પરિણમી શકે છે. આ પ્રતિબંધ ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે.ગુજરાતના વેરાવળ બંદર નજીક કાઠિયાવાડના દરિયાકિનારે ૨૧ કિલોમીટરની દરિયાકાંઠાની લંબાઈ સાથે આવેલા ટાપુ પર મોટી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચે છે . અને અંદાજે ૭૬૮ કિમીના અંતરે છે.

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના નવા રચાયેલા કેન્દ્રશાસિત પ્રદેશની રાજધાની દમણથી. દીવની ઉત્તરે ગુજરાતના ગીર-સોમનાથ અને અમરેલી જિલ્લાઓ અને ત્રણ બાજુએ અરબી સમુદ્ર છે. નવા વર્ષની ઉજવણી કરવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ અહીં પહોંચે છે. શાંતિ, એકાંત અને આરામ શોધતા પ્રવાસીઓ માટે દીવ એક સ્વર્ગ ગણાય છે.

# રાજુલાના વાટલિયા પ્રજાપતિ સમાજે બાઈક રેલી યોજી નોંધાવ્યો વિરોધ

જુનાગઢ,તા.૨૧

જુનાગઢમાં આવેલ સતાધાર ધામને લઈ વિવાદ ઉઠ્યો છે. પણ, તેના પડઘા સમગ્ર રાજ્યમાં પડી રહ્યા છે. અમરેલી જિલ્લાના રાજુલા પંથકમાં સમસ્ત વાટલીયા પ્રજાપતિ સમાજ અને અન્ય જ્ઞાતિઓ આજે એકઠી થઈ હતી. અને સતાધાર ધામને બદનામ કરનારા તત્વો સામે તેમનો વિરોધ નોંધાવ્યો હતો. રાજુલા માર્કેટિંગ યાર્ડથી પ્રાંત કચેરી સુધી બાઈક રેલી યોજવામાં આવી હતી. અને કલેક્ટરને આવેદન પત્ર આપીને સનાતન ધર્મનું અપમાન કરનારાઓ વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરાઈ છે. સતાધારના હાલના મહંત વિજય બાપુ છે અને ખુદ તેમના જ સગા ભાઈ નીતિન ચાવડાએ મહંત પર વ્યભિચાર અને ભ્રષ્ટાચારના આરોપ લગાવ્યા છે. વિજય બાપુએ સતાધારમાં જ રહેતી મહિલા સાથે લગ્ન કરી લીધાનો અને સતાધારમાં નાણાકીય ગેરરિતી આચર્યાનો નીતિન ચાવડાનો આક્ષેપ છે અને આક્ષેપો સામે જ કાર્યવાહીની માંગ ઉઠી રહી છે.

# અમેરિકાએ H-1B વિઝાના નિયમો હળવા કર્યા

## હવે અમેરિકન કંપનીઓ માટે કુશળ વિદેશી પ્રોફેશનલ્સની ભરતી કરવી સરળ બની જશે




(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૨૧

અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેનના વહીવટીતંત્રે **H-1B** વિઝા માટેના નિયમો હળવા કર્યા છે. જે બાદ હવે અમેરિકન કંપનીઓ માટે કુશળ વિદેશી પ્રોફેશનલ્સની ભરતી કરવી સરળ બની જશે. આ સાથે **F-૧** સ્ટુડન્ટ વિઝાને **H-1B** વિઝામાં સરળતાથી કન્વર્ટ કરી શકાય છે. આ પગલાથી હજારો ભારતીય ટેક્નોલોજી પ્રોફેશનલ્સને ફાયદો થવાની શક્યતા છે.

**H-1B** વિઝા એ બિન-ઈમિગ્રન્ટ વિઝા છે જે યુએસ કંપનીઓને વ્યાવસાયિક અથવા તકનીકી કુશળતાની જરૂર હોય તેવા વિશિષ્ટ વ્યવસાયોમાં વિદેશી કામદારોને રાખવાની મંજૂરી આપે છે. ભારત અને ચીન જેવા દેશોમાંથી દર વર્ષે હજારો કર્મચારીઓની ભરતી કરવા માટે ટેકનિકલ કંપનીઓ આ વિઝા પર આધાર રાખે છે.

ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી દ્વારા મંગળવારે જાહેર કરાયેલા આ નિયમનો હેતુ અમુક હોદ્દાઓ અને બિનનફાકારક અને સરકારી સંશોધન સંસ્થાઓ માટે વ્યાખ્યાઓ અને માપદંડોનું આધુનિકરણ કરીને એમ્પ્લોયર અને કામદારોને વધુ સગવડ પૂરી પાડવાનો છે.

આ ફેરફારો યુએસ એમ્પ્લોયરોને તેમની વ્યાપારી જરૂરિયાતો અનુસાર નોકરીમાં રાખવામાં અને વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક રહેવામાં મદદ કરશે. **DHS** મુજબ, આ નિયમ **F-૧** વિઝા ધરાવતા વિદ્યાર્થીઓ માટે કેટલીક સુવિધાઓ પણ પ્રદાન કરે છે જેઓ તેમના વિઝાને **H-1B**માં કન્વર્ટ કરવા માગે છે.

આ પ્રોગ્રામમાં વિઝા માટેની અરજીઓ ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫થી શરૂ થશે. તેની અરજીઓ માટે નવા ફોર્મેટની જરૂર પડશે, ફોમ૦ **I**-૧૨૯, નોન-ઈમિગ્રન્ટ વર્કર માટે પિટિશન.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

શ્યામ ઈતના ન દીજીએ, જામે કુટુંબ સમાય, મૈ ભી ભૂખા ન રહું સાધુ ભી ભૂખા ન જાય.- કબીરજી

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.અમરદાદ-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર વદ-૬, તા.૨૧ ડિસેમ્બર ૨૦૨૪, શનિવાર, પારસી તા.૯, મુસ્લિમ તા.૧૯, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, પ્રીતિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૨૯, સૂ.અ.૬:૧૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માનસિક તાણ હળવી બને. પરૂષાર્થનું ફળ મળે.
વૃષભ:મહત્વના નિર્ણયો અમલનમાં ન મૂકવા હિતાવહ.
મિથુન:વિશેષ કાર્યબોજ રહે. માનસિક અસ્વસ્થતા રહે.
કર્ક: મનમાં મૂંઝવણ રહે. આર્થિક સમસ્યાનો ઉકેલ આવે.
સિંહ: વ્યર્થ વ્યાધિનો સામનો કરવો પડે. માનસિક અશાંતિ રહે.
કન્યા: મુશ્કેલીમાં માર્ગ મળી રહે. નવિન સમાચાર લાભદાયી રહે.
તુલા: દિવસ દરમિયાન હળવાશ અનુભવાય. સમસ્યા હળવી બને.
વૃશ્ચિક:આકસ્મીક ધનલાભના યોગ. શુભ ફળ મેળવી શકશો.
ધન: વ્યર્થ ચિંતામાં દિવસ વ્યતિત થાય.કાર્યોમાં અચાનક રૂકાવટ
મકર: જીવનસાથી સાથે સંઘર્ષ થાય. માનભંગનો પ્રસંગ બને.
કુંભ: આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે. પ્રવાસમાં હાનિનો સંભવ.
મીન: મહત્વના કાર્યમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.

# સાબરમતી જેલમાં 'ખાસ વ્યવસ્થા' : લોરેન્સ બિશ્નોઈના સાથીદારે સાબરમતી જેલમાં ગેંગસ્ટર પાસે સેલફોન હોવાનો દાવો કર્યો

**આ પહેલીવાર નથી જ્યારે ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યા અને અભિનેતા સલમાન ખાનના મુંબઈના ઘર ઉપર ફાયરિંગના કથિત માસ્ટરમાઈન્ડ લૉરેન્સ બિશ્નોઈ પર જેલની અંદર ફોન રાખવા અથવા કૉલ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે, જો કે, પ્રથમ વખત લોરેન્સ બિશ્નોઈના નજીકના સહયોગીએ ન્યાયિક કબૂલાતમાં દાવો કર્યો છે કે આ ગેંગસ્ટર પાસે ગુજરાતની સાબરમતી સેન્ટ્રલ જેલની અંદર સેલફોન છે**

અમદાવાદ તા.૨૧

સપ્ટેમ્બરમાં દિલ્હીમાં જીમના માલિકની હત્યાના સંબંધમાં ધરપકડ કરાયેલા હાશિમ બાબાએ તેની ન્યાયિક કબૂલાતમાં કહ્યું છે કે તેને બિશ્નોઈનો એક વીડિયો કોલ આવ્યો હતો, જેણે તેને બે સેલફોન બતાવ્યા હતા અને દાવો કર્યો હતો કે આ અમદાવાદની સાબરમતી જેલમાં તેના માટે ખાસ વ્યવસ્થા હતી. જ્યારે સાબરમતી જેલમાં સત્તાધીશોનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે આરોપોને નકારી કાઢ્યા અને કહ્યું કે કોઈ કેદી માટે કોઈ ખાસ વ્યવસ્થા નથી. ૧૨ ડિસેમ્બરે દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે હાશિમ બાબાના ન્યાયિક કબૂલાતને ટાંકીને શહેરની કોર્ટમાં જીમ માલિક નાદિર શાહની હત્યાના સંબંધમાં ચાર્જશીટ દાખલ કરી હતી. એક ટીમે અગાઉ સાબરમતી જેલની મુલાકાત લીધી હતી અને હત્યા પાછળનો હેતુ જાણવા માટે બિશ્નોઈની પૂછપરછ કરી હતી પરંતુ તેણે સહકાર આપ્યો ન હતો, જેના પગલે ૨ ડિસેમ્બરે આ કેસમાં તેની ધરપકડ કરવામાં આવી હતી. બિશ્નોઈ મુખ્ય કાવતરાખોર હોવાનું પોલીસ કહે છે, તે ૧૩ સપ્ટેમ્બરના રોજ અફઘાન નાગરિક શાહની હત્યાના સંબંધમાં ચાર્જશીટના ૧૪ લોકો પૈકી એક છે. તેઓએ ચાર્જશીટમાં દાવો કર્યો હતો કે શાહની હત્યા એ આંતર-ગેંગવોરનું તાજેતરનું ઉદાહરણ છે અને એક સામાન્ય ઉદ્દેશ્ય હાંસલ કરવા માટે ગુનાહિત સિન્ડિકેટની ગેંગ વચ્ચે વિસ્તૃત આયોજન છે જે ભય ફેલાવવા અને તેમના પ્રભાવના ક્ષેત્ર તેમજ ગેરવસૂલીના વ્યવસાયને વિસ્તૃત કરવા માટે છે. પરંતુ શાહની હત્યા પાછળનો ચોક્કસ હેતુ શોધી શકાયો નથી. હાશિમ બાબાએ તેની ન્યાયિક કબૂલાત રેકોર્ડ કરવા ઉત્તરપૂર્વ દિલ્હીની મંડોલી જેલમાંથી અરજી દાખલ કર્યા પછી, તેનું નિવેદન ૧ ઓક્ટોબરે રેકોર્ડ કરવામાં આવ્યું હતું. તેના નિવેદનમાં તેણે આરોપ મૂક્યો હતો કે ઓગસ્ટ ૨૦૨૩થી સાબરમતી જેલમાં રહેલા બિશ્નોઈએ શાહને મારવા માટે તેનો સંપર્ક કર્યો હતો. હાશિમ ૨૦૨૧માં તિહાર જેલમાં હતો જ્યારે બિશ્નોઈ પંજાબની જેલમાંથી તિહાર જેલમાં આવ્યો હતો અને તેઓ ગાઢ મિત્રો બની ગયા હતા. લગભગ છ-સાત મહિના પછી, તે પંજાબ ગયો અને ફરીથી પાછો આવ્યો હતો. ગયા વર્ષે, તેને સાબરમતી જેલમાં ખસેડવામાં આવ્યો હતો અને લગભગ બે મહિના પહેલા ઓગસ્ટમાં, તેણે હાશિમ સાથે વારંવાર ફોન ઉપર વાત કરવાનું શરૂ કર્યું હતું. હાશિમે દાવો કર્યો કે વિડિયો કોલમાં બિશ્નોઈએ તેના બે સેલફોન બતાવ્યા અને એવો પણ દાવો કર્યો કે જેલમાં તેના માટે સારી વ્યવસ્થા હતી. જ્યારે સાબરમતી સેન્ટ્રલ જેલના



સુપ્રિન્ટેન્ડેન્ટ નિધિ ઠાકુરનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેણે જણાવ્યું કે જેલમાં કોઈપણ કેદી માટે કોઈ ખાસ વ્યવસ્થા નથી અને તેઓ જેલ મેન્યુઅલનું પાલન કરી રહ્યા છે. તેણે એ વાતનો પણ ઈનકાર કર્યો હતો કે બિશ્નોઈ જેલની અંદર સેલફોનનો ઉપયોગ કરી શકે છે. આ પહેલીવાર નથી જ્યારે ગાયક સિદ્ધુ મૂઝવાલાની હત્યા અને અભિનેતા સલમાન ખાનના મુંબઈના ઘર ઉપર ફાયરિંગના કથિત માસ્ટરમાઈન્ડ બિશ્નોઈ ઉપર જેલની અંદરથી ફોન રાખવાનો અથવા કૉલ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ વર્ષે જૂનમાં, સાબરમતી જેલમાંથી પાકિસ્તાની ગેંગસ્ટર શહજાદ ભટ્ટી સાથે કથિત રીતે વાત કરતો ૧૯-સેકન્ડનો વીડિયો કોલ સોશિયલ મીડિયા ઉપર વ્યાપકપણે શેર કરવામાં આવ્યો હતો. તે પહેલાં, માર્ચ ૨૦૨૩માં જેલમાં એક ન્યૂઝ ચેનલને કથિત રીતે બે ઈન્ટરવ્યુ આપ્યા હતા, ત્યારબાદ પંજાબ પોલીસે બે એફઆઈઆર નોંધી હતી. તેમના નિવેદનમાં હાશિમ બાબાએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે તેને બિશ્નોઈનો ફોન આવ્યો હતો જેણે તેમને ગુનાને અંજામ આપવા માટે બે માણસોની વ્યવસ્થા કરવા કહ્યું હતું. બિશ્નોઈએ તેને લોજિસ્ટિક્સ સપોર્ટ આપવા માટે પણ કહ્યું અને તેણે તેના માટે ઓખલામાં એક રૂમની વ્યવસ્થા કરી. બિશ્નોઈએ તેને ફોન કરીને જાણ કરી હતી કે રણદીપ સમગ્ર આયોજન સંભાળશે. ૧૨-૧૩ સપ્ટેમ્બરના રોજ બિશ્નોઈએ તેને ફોન કરીને કહ્યું કે શાહની હત્યા કરવામાં આવી છે. આ તપાસ દરમ્યાન બિશ્નોઈની પૂછપરછ કરવા માટે સંબંધિત કોર્ટ પાસેથી પરવાનગી માંગવામાં આવી હતી. ૨ ડિસેમ્બરે બિશ્નોઈની તેમની ભૂમિકા વિશે પૂછપરછ કરવામાં આવી હતી. જો કે, તેણે સહકાર આપ્યો ન હતો. હાલના કેસમાં તેની ધરપકડ કરવા માટે પૂરતા આધારો હતા અને BNSની કલમ ૬૧(૨) હેઠળ તેની ધરપકડ કરવામાં આવી હતી.

# કોલ્ડવેવની અસર : સમગ્ર રાજયમાં શીતલહેરનો અનુભવ



જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ સહીત રાજયમાં ગાત્રો થીજવતી ઠંડીનો અહેસાસ ગઈ રહ્યો છે. ઉત્તર પૂર્વથી બર્ફીલા પવનો ફૂંકાતા ઠંડીમાં વધારો થયો છે. નલિયા અને ડીસામાં કોલ્ડવેવની અસર સામાન્ય છે પરંતુ આ વર્ષે જે પ્રકારે રાજયના ઘણા શહેરોમાં બે દિવસ દરમ્યાન કોલ્ડવેવની અસર રહી હતી તે વાતાવરણમાં બદલાવની નિશાની છે. ગુજરાતમાં શિયાળાની ઠંડી ભુક્કા બોલાવી રહી છે અને ગત વર્ષે જે ઓછી ઠંડી નોંધાઈ હતી તેને સરભર કરવા જાણે કે ઠંડીએ નક્કી જ કરી લીધું હોય તે પ્રકારે હાડ થીજવતી ઠંડી પડી રહી છે. આ વર્ષની ઠંડીમાં આશ્ચર્યજનક બાબત એ છે કે જ્યાં સામાન્ય ઠંડી રહેતી હોય છે તેને બદલે આ વર્ષે ગાત્રો થીજવતી ઠંડીનો લોકો અનુભવ કરી રહ્યા છે. રાજ્યમાં સામાન્ય રીતે કચ્છના નલિયામાં અને બનાસકાંઠાના ડીસામાં કોલ્ડવેવની અસર વર્તાતી હોય છે, પરંતુ આ વર્ષે સૌરાષ્ટ્રના રાજકોટમાં પણ કોલ્ડવેવની અસર સતત બે દિવસ સુધી રહી હતી. એટલે કે શું રાજકોટ ગુજરાત રાજ્યનું બીજું નલિયા બની રહ્યું છે તેવો પણ પ્રશ્નો ઉદ્દ્ભવે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, આગામી પાંચ દિવસ ગુજરાતમાં વાતાવરણ શુષ્ક રહેવાની સાથે તાપમાન પણ યથાવત્ રહેશે. પરંતુ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રકચ્છના ભાગો ઉપર ઠંડીનું જોર વધવાની શક્યતાઓ છે. જ્યારે દક્ષિણ ગુજરાતના ભાગોમાં લઘુતમ અને મહત્તમ તાપમાનમાં સામાન્ય વધારો થતા ઠંડીનું જોર ઘટશે. ઉલ્લેખનીય છે કે, હાલમાં ગુજરાત ઉપર ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યા છે, જેને કારણે સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ વધુ રહેશે. જ્યારે દક્ષિણ ગુજરાતના આસપાસ દરિયાકાંઠો હોવાથી ત્યાં તાપમાન સામાન્ય કે સામાન્યથી થોડા અંશે વધુ રહેવાથી ઠંડીમાં આંશિક રાહત મળશે. આ ઉપરાંત આગામી ૪૮ કલાક કચ્છમાં કોલ્ડવેવની પણ આગાહી વ્યક્ત કરવામાં આવી છે. એટલે કે, કચ્છમાં બે દિવસ ઠંડીનું પ્રમાણ વધુ રહેવાથી કોલ્ડવેવની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

# ૧૫ વર્ષના બદલે ૧૧ માસના ભાડા કરારથી પ્રિ-સ્કૂલોને મંજૂરી આપવા માટે માંગણી કરાઈ

અમદાવાદ, તા.૨૧

રાજ્ય સરકાર દ્વારા પ્રિ-સ્કૂલો શરૂ કરવા માટેના નિયમો જાહેર કરવામાં આવ્યા છે તેને લઈને સંચાલકોને ભારે મુશ્કેલી પડી રહી છે. આ માટે અમદાવાદ શહેર શાળા સંચાલક મંડળની બેઠક મળી હતી. જેમાં પ્રિ-સ્કૂલોના રજિસ્ટ્રેશન માટેના જે નિયમો જાહેર કરાયા છે તેમાં સુધારાવધારા કરવા માટે ભલામણ કરવામાં આવી છે. બીયુ પરમીશનને લઈને સંચાલક મંડળ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે કે, હાલ રાજયમાં આપવામાં આવતા બીયુ પરમિશન રેસીડેન્સીયલ, કોમર્શિયલ તથા એજ્યુકેશનલ હોય છે. તેમાંથી કોઈપણ બીયુ પરમિશન હોય તો દરખાસ્ત વખતે ધ્યાનમાં લેવા માટે માગણી કરવામાં આવી છે. આ ઉપરાંત ઈમ્પેક્ટ ભરેલી હોય તો પણ દરખાસ્ત ગ્રાહ્ય રાખવા માટે રજૂઆત કરવામાં આવી છે. સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટીનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર ગ્રાહ્ય રાખવા માટે પણ જણાવાયું છે. જ્યારે મકાન ભાડા કરાર બાબતે સંચાલક મંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે, હાલના સંજોગોમાં મકાન માલિકો ૧૫ વર્ષનો રજીસ્ટ્રેશન ભાડા કરાર કરવા તૈયાર હોતા નથી તથા તે બાબત ખર્ચાળ પણ છે. જેથી પ્રિ-સ્કૂલની નોંધણી વખતે ૧૧ મહિના ૨૯ દિવસનો નોટરાઈઝ ભાડા કરાર ગ્રાહ્ય રાખવામાં આવે તેવી પણ માગણી કરવામાં આવી છે. પ્રોપરાયટરશીપ, પાર્ટનરશીપ કે રજિસ્ટર ટ્રસ્ટને ગ્રાહ્ય રાખીને પણ દરખાસ્ત સ્વીકારવા માટે માગ કરવામાં આવી છે. પ્રિ-સ્કૂલમાં નર્સરી, જુનિયરકે.જી. અને બાલવાટિકાને ધ્યાનમાં લેવા માટે પણ જણાવાયું છે તથા બાલવાટિકાના વિદ્યાર્થીઓના જનરલ રજિસ્ટરમાં સ્થાન માટેનો સ્પષ્ટ પરિપત્ર જોગવાઈમાં મૂકવા માટે પણ ભલામણ કરવામાં આવી છે.

# અલંગ યાર્ડમાં જહાજમાંથી જલદ કેમિકલ દરિયામાં ઠલવાયું, અનેક જળચરોનાં મોત

**સમુદ્રમાં ડામર જેવું પડ જામ્યું, જીવસૃષ્ટિને નુકસાન**

ભાવનગર, તા.૨૧

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં આવેલા વિશ્વવિખ્યાત જહાજવાડા અલંગમાં તાજેતરમાં સ્ક્રેપ માટે આવેલી કોઈ શિપમાંથી અત્યંત જ્વલનશીલ અને ઝેરી કેમિકલ દરિયામાં બેરોકટોક ઠાલવામાં આવતાં દરિયાકાંઠો અને સમુદ્રમાં પારાવાર નુકસાન થયું છે. આમ છતાં તંત્રના પેટનું પાણી પણ હલતું નથી. આ કેમિકલ દરિયામાં ઠલવાતા પર્યાવરણ ભયજનક હદે પ્રદૂષિત થયું છે, તો બીજી તરફ સાગરખેડૂઓને મોટું આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. દરિયામાં એકથી લઈને ત્રણ ઈંચ સુધીનું ડામર જેવું જાડું કાળું પ્રવાહી પડ પથરાયેલું છે.આ અંગે તળાજાના પ્રાંત અધિકારી જે.આર. સોલંકીએ જણાવ્યું હતું કે આ અંગે મને જાણ થઈ હતી. મને જાણ થતાં મેં તરત જ જીપીસીબીને જાણ કરી છે અને તેની ટીમ અત્યારે ત્યાં પહોંચીને તપાસ કરી રહી છે અને મને રિપોર્ટ કરશે.ભાવનગર જિલ્લામાં આવેલા અલંગ શિપયાર્ડમાં પ્રતિ વર્ષ દુનિયાના ખૂણેખૂણેથી મહાકાય જહાજો કપાવવા માટે આવે છે. આ જહાજોનું અહીં કટીંગ કરી સ્ક્રેપમાં તબદિલ કરવામાં આવે છે. આવા મહાકાય શિપને તોડતા સમયે એમાં રહેલો ઝેરી કચરો તથા પર્યાવરણ માટે અત્યંત ખતરનાક જલદ કેમિકલ્સ દરિયામાં ઢોળાતું હોય છે. આ કેમિકલ તથા ઝેરી કચરો દરિયામાં જવાના કારણે અસંખ્ય સમુદ્ર જીવસૃષ્ટિ નાશ પામી રહી છે, તો બીજી તરફ માનવજાતને પણ ભારે નુકસાન થઈ રહ્યું છે, પરંતુ વિકાસ અને સ્વાર્થની આંધળી વૃત્તિના કારણે સમગ્ર મુદ્દે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

# અમદાવાદ-ગાંધીનગર સહિત ૪ શહેરોમાં ૧૭ શ્રમિક બસેરા આવાસ ઊભા કરવામાં આવશે

ગાંધીનગર,તા.૨૧

રાજયના શ્રમિકોની સુખાકારી માટે આ વર્ષે જુલાઈમાં મુખ્યમંત્રીભૂપેન્દ્ર પટેલના હસ્તે ગુજરાતના ચાર મોટા શહેરોમાં શ્રમિકો માટે હંગામી આવાસોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. શ્રમિક બસેરા યોજના યોજના અંતર્ગત આવાસ નિર્માણની કામગીરી અત્યારે પૂરજોશમાં શરૂ છે. શ્રમિક બસેરા યોજના હેઠળ રાજ્યના મુખ્ય શહેરોમાં ૧૭ જગ્યાએ આવાસો ઊભા કરવામાં આવશે. આ યોજના હેઠળ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના નોંધાયેલા બાંધકામ શ્રમિકો અને તેમના પરિવારને રાહત દરે ભાડેથી રહેવાની સુવિધા પુરી પાડવામાં આવશે. લાભાર્થી શ્રમિકના છ વર્ષ કે ઓછી વયના બાળકો માટે કોઈ ભાડું લેવામાં આવશે નહીં. આ યોજનામાં શ્રમિકોના કડિયાનાકાના એક કિલોમીટર જેટલા વિસ્તારોમાં આવાસ પુરા પાડવામાં આવશે, જેમાં પાણી, રસોડું, વીજળી, પંખા, સ્ટ્રીટલાઈટ, સિક્યોરિટી, મેડીકલ અને ઘોડિયાઘર જેવી સુવિધા હશે. શ્રમિક બસેરા તૈયાર થતાં શરૂઆતમાં ૧૫ હજારથી વધુ બાંધકામ શ્રમિકોને લાભ મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શ્રમિક બસેરા યોજના અંતર્ગત અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ તથા વડોદરામાં કુલ ૧૭ સાઈટનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું છે. માત્ર પાંચ રૂપિયા પ્રતિ દિવસ પ્રતિશ્રમિકના ટોકન દરેથી, શ્રમિકોને તેમના કામકાજના નજીકના સ્થળે જ મૂળભૂત સુવિધાઓથી સજ્જ પ્રીફેબ્રિકેટેડ આવાસો આપવામાં આવશે. આ યોજનાના પારદર્શી અમલીકરણ માટે શ્રમિક બસેરા યોજનાના પોર્ટલનુ પણ લોન્ચિંગ કરવામાં આવ્યું છે. આ પોર્ટલના માધ્યમથી શ્રમિકોને આવાસની ફાળવણી કરવામાં આવશે. બાંધકામ શ્રમિકો સહિતના અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોના જીવન ધોરણમાં ગુણાત્મક બદલાવ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે અને વિવિધ યોજનાઓથી તેમની સુવિધાઓમાં વધારો કરવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકારે રાહતદરે પાંચ રૂપિયામાં ભોજન આપતા ૨૯૧ અન્નપૂર્ણ ભોજન કેન્દ્રો શરૂ કર્યા છે જેમાં અત્યાર સુધીમાં ૨.૯૬ કરોડથી વધુ શ્રમિકોને ભોજન વિતરણ કરવામાં આવ્યું છે. દૈનિક ૩૨૦૦૦થી વધુ શ્રમિકોને ભોજન વિતરણ કરવામાં આવે છે.

# બિન હથિયારી PSI-કોન્સ્ટેબલની શારીરિક કસોટીની તારીખ જાહેર

અમદાવાદ,તા.૨૧

ગુજરાત રાજ્ય પોલીસ ભરતી બોર્ડ દ્વારા એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય પોલીસ ભરતી બોર્ડની વેબસાઈટ ઉપર જણાવવામાં આવ્યું છે કે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા જાહેરાત ક્રમાંકઃ GPRB/૨૦૨૩૨૪/૧ની બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર અને લોકરક્ષક કેડરની ભરતી અંગેની શારીરિક કસોટી સંભવિત જાન્યુઆરી-૨૦૨૫ના બીજા સપ્તાહમાં યોજવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, IPS અધિકારી હસમુખ પટેલના ચેરમેન પદેથી રાજીનામાથી રાજ્ય સરકાર દ્વારા પોલીસ ભરતીની શારીરિક પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. પહેલાં ૨૫મી નવેમ્બરના દિવસે પોલીસ ભરતી માટેની શારીરિક પરીક્ષા યોજાવાની હતી. જોકે, હવે આ પરીક્ષા આગામી જાન્યુઆરી ૨૦૨૫ના બીજા સપ્તાહમાં યોજાશે. તેમ સત્તાવાર રીતે જાહેર કરાયું છે.

# ૭૦ વર્ષના ખેડૂતે ૪૪ વર્ષના લગ્નજીવન પછી છૂટાછેડા આપ્યા ૩.૧ કરોડનું ભરણપોષણ ચૂકવવા પોતાની જમીન વેચી દીધી

**ખેડૂત સુભાષ ચંદે છૂટાછેડાના સમાધાનના ભાગરૂપે ખેતીની જમીન, પાક વેચી દીધો અને ૪૦ લાખ રૂપિયાના સોના-ચાંદીના ઘરેણાં આપ્યા હતા**

(એજન્સી) તા.૨૧

હરિયાણાના કરનાલ જિલ્લાના ૭૦ વર્ષીય ખેડૂત સુભાષ ચંદે ૧૮ વર્ષ સુધી ચાલેલી લાંબી કાનૂની લડાઈનો અંત કરતાં રૂા.૩.૧ કરોડના સેટલમેન્ટ દ્વારા ૪૪ વર્ષના લગ્નજીવનનો અંત કરતાં તેમની વિમુખ પત્ની સંતોષ કુમારીને કાયમી ભરણપોષણ ચૂકવીને છૂટાછેડા લીધા હતા. આ શરતોને પરિપૂર્ણ કરવા માટે, ચાંદે ખેતીની જમીન, પાક વેચી દીધો અને ૪૦ લાખ રૂપિયાના સોના-ચાંદીના ઘરેણાં આપ્યા. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના મધ્યસ્થી અને સમાધાન કેન્દ્ર દ્વારા મધ્યસ્થી કરાયેલ કરાર મુજબ તેની પત્ની અને બાળકોનો તેના મૃત્યુ પછી પણ તેની મિલકત ઉપર કોઈ ભવિષ્યનમાં દાવો કરવામાં આવશે નહીં. આ દંપતીએ ૨૭ ઓગસ્ટ, ૧૯૮૦ના રોજ લગ્ન કર્યા અને તેમને ચાર બાળકો હતા, જેમાંથી એકનું અવસાન થયું. ૨૦૦૬ સુધીમાં, સ્વભાવમાં તફાવતને કારણે તેમના સંબંધોમાં તિરાડ પડી હતી, જેના કારણે તેઓ અલગ રહેવા લાગ્યા હતા. ૨૦૦૬માં માનસિક ક્રૂરતા દર્શાવીને ચાંદે છૂટાછેડા માટે અરજી કરી હતી. ૨૦૧૩માં કરનાલ ફેમિલી કોર્ટ દ્વારા તેમની પ્રારંભિક અરજી ફગાવી દેવામાં આવી હતી. તેમણે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટનો સંપર્ક કર્યો, જ્યાં ૪ નવેમ્બર, ૨૦૨૪ના રોજ મધ્યસ્થી માટે મોકલવામાં આવ્યો તે પહેલા કેસ ૧૧ વર્ષ સુધી લંબાયો હતો. ચાંદનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ રાજિન્દર ગોયલે સમજાવ્યું કે સમાધાનમાં ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા રૂા.૨.૧૬ કરોડ, પાકના વેચાણમાંથી રૂા.૫૦ લાખની રોકડ અને સોના અને ચાંદીના દાગીના સાથે રૂા.૪૦ લાખનો સમાવેશ થાય છે. આ કરાર મુજબ, પત્ની અને બાળકોએ ચાંદના્ સંપત્તિના તમામ અધિકારો છોડી દીધા છે. કોર્ટે પરસ્પર નિર્ણયને સ્વીકાર્યો અને ગયા અઠવાડિયે છૂટાછેડાને અંતિમ સ્વરૂપ આપ્યું હતું. જસ્ટિસ સુધીર સિંહ અને જસજીત સિંહ બેદીની બનેલી હાઈકોર્ટની બેન્ચે કરારને માન્ય રાખ્યો હતો અને લગ્નનો ઔપચારિક અંત કર્યો હતો

# રાજ્યમાં PMJAY-મા યોજના હેઠળ ગેરરીતિ બદલ સરકાર દ્વારા વધુ ચાર હોસ્પિટલ સામે કાર્યવાહી કરાઈ

ગાંધીનગર, તા.૨૧

રાજ્યનો ખ્યાતિ હોસ્પિટલકાંડ બહાર આવ્યા બાદ સરકાર એકશન મોડમાં આવી કામગીરી કરી રહી છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય- મા યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી રાજ્યની હોસ્પિટલ કે ડૉક્ટરની કામગીરીને સાંખી નહીં લેવાનો નિર્ધાર સાથે સરકારના આરોગ્ય વિભાગ એક પછી એક પગલા લેવાનું જારી રાખ્યું છે. જેમાં હવે વધુ ચાર હોસ્પિટલો સામે ગેરરીતિ બદલ કાર્યવાહી કરવામાં આવી છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓના દર્દને દૂર કરવા માટેની યોજના છે જેમાં ગેરરીતિ કોઈપણ ભોગે નહીં જ ચલાવી તેમ આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કહ્યું છે. જેના ભાગરૂપે જ આ યોજના અંતર્ગત એમ્પેન્લ્ડ હોસ્પિટલ્સની કામગીરી ઉપર ચાંપતી નઝર રાખવામાં આવી રહી છે. કોઈપણ દર્દી સાથે અન્યાય ન થાય તેનું સંપૂર્ણપણે ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. PMJAY-મા યોજના અંતર્ગતની SAFU (સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટ) એ તજજ્ઞ તબીબોની ટીમ સાથે રાખીને રાજ્યમાં આ યોજના અંતર્ગત ગેરરીતિઆચરતી શંકાસ્પદ હોસ્પિટલ્સની મુલાકાત કરી હતી. જેના અંતર્ગત ગત અઠવાડિયામાં રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં ૪ હોસ્પિટલમાં ગેરરીતિઓ સામે આવી છે. રાજકોટની ક્રિષ્ના સર્જીકલ હોસ્પિટલ અને સ્વસ્તિક મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલને વિવિધ ત્રુટીઓ જણાતાં સસ્પેન્ડ કરવા સાથે ભરૂચની જયાબેન મોદીહોસ્પિટલ અને વડોદરાની બેન્કર્સ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં ગેરરીતિ બદલ પેનલ્ટી ફટકારવાની કાર્યવાહી કરાઈ છે. રાજકોટની સ્વસ્તિક મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં ઈનસ્યોરન્સ કંપની દ્વારા ઓડિટ કરવામાં આવ્યું હતુ. જેમાં કુલ ૧૯૬ કેસમાં USG (અલ્ટ્રાસાઉન્ડ સોનોગ્રાફી) પ્લેટ અને HPE (હિસ્ટોપેથોલોજીકલ એકઝામીનેશન) રીપોર્ટમાં છેડછાડ જોવા મળેલ હતી. જેના પરિણામે હોસ્પિટલને યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવેલ છે અને હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા જો કોઈ અન્ય હોસ્પિટલ કાર્યરત હશે તો તેના ઉપર પણ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. યોજનાની માર્ગદર્શિકા મુજબ કુલ રૂા.૨.૯૫ કરોડ પેનલ્ટી કરવામાં આવેલ છે. ઉકત ક્ષતિઓ સાથે સંલગ્ન સ્પેશ્યાલીસ્ટ ડૉ.રાજેશ કંડોરીયા (G23640)ને પણ યોજનામાંથી બરતરફ કરવામાં આવેલ છે. રાજકોટની જ ક્રિષ્ના સર્જીકલ હોસ્પિટલ હોસ્પિટલનું બી. યુ.સર્ટીફીકેટ અને ફાયર એન.ઓ.સી. એક્સપાયર્ડ થઈ ગયું હોવાનું ધ્યાને આવ્યું હતું. તદઉપરાંત હોસ્પિટલ પાસે AERB સર્ટીફિકેટ પણ ન હતું. યોજનાની માર્ગદર્શિકા અનુસાર હોસ્પીટલમાં જરૂરી મેનપાવર હાજર ન હતા. હોસ્પીટલમાં ICUમાં સ્વચ્છતા બાબતે અભાવ જોવા મળેલ હતો. ઓટી નોટ અને એનેસ્થેસિયા નોટમાં ડોકટર દ્વારા દર્શાવેલ માહિતીમાં વિસંગતા જોવા મળેલ હતી. જે બદલ ક્રિષ્ના સર્જીકલ હોસ્પિટલ ઉપલેટાને યોજના અંતર્ગત ઉકત ક્ષતિઓની પૂતર્તા ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવી છે. જ્યારે ભરૂચ ખાતેની જયાબેન મોદી હોસ્પિટલમાં તંત્ર દ્વારા ટ્યુમર બોર્ડ સર્ટીફીકેટ (TBC)માં સહી અને સિક્કામાં ગેરરીતિ આચરીને TMS સોફટવેરમાં અપલોડ કર્યા હોવાનું ધ્યાને આવ્યું હતું. જેના પરિણામે હોસ્પિટલ દ્વારા આચરવામાં આવેલ ક્ષતિને ધ્યાને લઈ હાલમાં પ્રી-ઓથની કુલ રૂા.૩૩.૪૪ લાખ રકમ રીકવરીકરવામાં આવશે. અને તેની પેનલ્ટી અંગેનો નિર્ણય આગામી સમયમાં થનારી SGRC (સ્ટેટ ગ્રિવેન્સ રીડ્રેશલ કમીટિ)માં લેવામાં આવશે. વડોદરા ખાતેની બેક્રર્સ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં ઓક્રોલોજી સર્જરીમાં આયુષ્માન યોજનાની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન થતું હોવાનું ધ્યાને આવ્યું હતું. આ ગેરરીતિ બદલ હોસ્પિટલના પ્રીઓથની કુલ રૂા.૫૭.૫૧ લાખની રકમ રીકવરી કરવાનું તથા તેની પેનલ્ટી અંગેનો નિર્ણય અગામી સમયમાં થનારી SGRCમાં લેવાનું નક્કી કરવામાં આવ્યું છે.

(અનુ. છઠ્ઠાપાને.)

# અદાણી પબ્લિક સ્કૂલમાં વાર્ષિક રમતોત્સવ ઉજવાયો



(પ્રતિનિધી દ્વારા)

મુન્દ્રા તા.૨૧

વિદ્યાર્થીઓમાં ખેલભાવના તેમજ શારીરિક ક્ષમતાનો વિકાસ થાય તે ઉદેશ્યથી અદાણી ફાઉન્ડેશન સંચાલિત મુન્દ્રા ખાતેની અદાણી પબ્લિક સ્કૂલમાં બે દિવસીય વાર્ષિક રમતોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

આ રમતોત્સવમાં મુખ્ય અતિથિ તરીકે વેસ્ટર્ન રેલવે ગાંધીધામના એરિયા મેનેજર આશિષ ધાનિયા (IRTS) અને અને બીજા દિવસે પંર નેવલ યુનિટ NCC ભુજના કમાન્ડિંગ ઓફિસર લેફ્ટનન્ટ કમાન્ડર એમ જી ગોવિન્દ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆત શાળાના બેગપાઈપ બેન્ડના મધુર તાલે એનસીસી કેડેટ્સની શિસ્તબદ્ધ પરેડથી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે મુંદ્રાની એક માત્ર શાળા છે કે જેને પોતાનું બેગપાઈપ બેન્ડ છે. ત્યારબાદ શાળાનાં શ્રેષ્ઠ રમતવીરો દ્વારા મશાલ દોડ કરવામાં આવી હતી તેમજ બધાંજ વિદ્યાર્થીઓ દ્વારા ખેલભાવના શપથ ગ્રહણ કરવામાં આવી હતી. આ રમતોત્સવમાં મોટા બાળકો માટે ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, રીલે દોડ, તેમજ નાના બાળકો માટે ૫૦ મીટર દોડ, ટામેટા દોડ, સોયદોરા દોડ, સંતુલન દોડ, વિઘ્ન દોડ, હુલાહૂપ દોડ, હોકી ડ્રિબલિંગ દોડ જેવી વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી તેમનામાં રહેલી શકિતઓને બહાર લાવવાનો પ્રયાસ કર્યો હતો. વિવિધ રમતો વચ્ચે સમયાંતરે રંગબેરંગી વસ્ત્રોમાં સજજ વિદ્યાર્થીઓ દ્વારા સંગીતના તાલે વિવિધ સમૂહ નૃત્યો રજૂ કરવામાં આવ્યા હતા. જેનાથી સમગ્ર કાર્યક્રમ ભવ્ય બની ગયો હતો. આ રમતોત્સવમાં ધોરણ ૧ થી ૯ અને ૧૧ ના ૧૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નેવલ યુનિટ NCC ભુજના કમાન્ડિંગ ઓફિસર લેફ્ટનન્ટ કમાન્ડર એમ જી ગોવિંદે શિસ્તબદ્ધ પ્રદર્શનની પ્રશંસા કરતાં કહ્યું હતુ કે રમતગમતથી જીવનમાં શિસ્ત નિર્માણ થાય છે અને આવી શિસ્ત આવે તે સમાજ ખૂબ ઝડપથી પ્રગતિ કરી શકે છે. તેમણે શાળાનાં તમામ સ્ટાફના ઉત્તમ ટીમવર્કની પણ નોંધ લીધી હતી અને આવા સુંદર આયોજન બદલ શાળાને અભિનંદન આપ્યાં હતાં. અદાણી પબ્લિક સ્કૂલના આ રમતોત્સવ પ્રસંગે અદાણી પોર્ટના એકઝીક્યુટીવ ડાઈરેક્ટર રક્ષિત શાહ, અને અન્ય અતિથિઓ સહિત મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં અને વિદ્યાર્થીઓનાં ઉત્તમ પ્રદર્શનને નિહાળી મંત્રમુગ્ધ બન્યાં હતાં. લગભગ ૧૪૦૦ જેટલા વાલીઓએ કાર્યક્રમ માણ્યો હતો.

કાર્યક્રમના અંતે રમત-ગમતમાં વિજેતા થયેલ સ્પર્ધકોને મુખ્ય અતિથિનાં વરદ હસ્તે પ્રમાણપત્ર તેમજ પદકો અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કુલ મળીને ૧૦૦ સુવર્ણ, ૧૦૦ રજત અને ૧૦૦ કાંસ્ય પદક આપવામાં આવ્યાં હતાં. આ રમતોત્સવમાં બન્ને દિવસના અંતે સૌથી વધુ ગુણ મેળવી નાનક હાઉસે બેસ્ટ હાઉસ ટ્રોફી જયારે દ્વિતીય ક્રમાંકે રહી કબીર હાઉસે રનર-અપ ટ્રોફી જીતી હતી. આ પ્રસંગે અદાણી સ્કૂલ્સના કચ્છ રિજનના ડાઈરેક્ટર મીતા જાડેજા, શાળાના ડાઈરેક્ટર અમી શાહ, પ્રિન્સિપાલ હેમન્ત કુમાર શર્મા અને વાઈસ પ્રિન્સિપાલ રેણુ પાટીદારે કાર્યક્રમને સફળ બનાવવા બદલ શાળાના રમતગમત વિભાગ, સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. શાળાના પ્રિન્સિપાલે વિદ્યાર્થીઓને તેઓ જીવનમાં શિસ્ત, સહકાર અને સખત પરિશ્રમ થકી સતત પ્રગતિ કરતા રહે એવી શુભેચ્છા પાઠવી હતી.

# વેરાવળ ગાયત્રી મંદિર ખાતે રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટ ના સહકાર સાથે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

## ૧૬૮ દર્દીઓના નિદાન અને ૫૮ દર્દીઓના વિનામૂલ્યે ઓપરેશન



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૧

વેરાવળ સ્થિત ગાયત્રી શક્તિ પીઠ - ગાયત્રી મંદિર ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો જેમાં ૧૬૮ દર્દીઓ જોડાયા હતા. વેરાવળ ગાયત્રી શક્તિ પીઠના વ્યવસ્થાપક અતુલ જોષીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજકોટની રણછોડદાજી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આઈ હોસ્પિટલના સહયોગથી વેરાવળ સ્થિત ગાયત્રી મંદિર ખાતે પ્રતિ માસની ૨૦ તારીખે વેરાવળ તેમજ આજુબાજુના દર્દીઓ માટે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ કેમ્પમાં ૧૬૮ દર્દીઓ સારવાર અર્થે આવ્યા હતા જે તમામના આઈ સ્પેશિયાલિસ્ટ ડોકટર દ્વારા નિદાન કરવામાં આવ્યા બાદ ૫૮ જેટલા દર્દીઓને આંખના ઓપરેશનની જરૂરિયાત જણાતા આ તમામ દર્દીઓને વિનામૂલ્યે ઓપરેશન માટે રાજકોટ ખાતે લઈ જવામાં આવ્યા છે. આ તમામ દર્દીઓના સફળ ઓપરેશન બાદ પરત વેરાવળ ખાતે લઈ આવશે. વેરાવળ ગાયત્રી મંદિર ખાતે આવેલા તમામ દર્દીઓ અને તેમના સ્વજનોને વિનામૂલ્યે ભોજન પ્રસાદ તેમજ રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઓપરેશન વાળા દર્દીઓને આવવા જવા તેમજ રહેવા જમવાની તમામ વ્યવસ્થા વિનામૂલ્યે કરી આપવામાં આવે. વેરાવળ ગાયત્રી મંદિર ખાતે દર મહિના ની ૨૦ તારીખે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. વેરાવળ પાટણ શહેર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં જરૂરિયાતમંદ દર્દીઓએ આ કેમ્પનો લાભ લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગીર સોમનાથના સમુદ્રમાં ઓઈલ ટેન્કરના જહાજનો અકસ્માત થતા આપાતકાલની સ્થિતિ સર્જાઈ



**અકસ્માતની ઘટના નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથો.ની મોકડ્રિલ હોવાનું સામે આવતા સ્થાનીક તંત્રએ રાહતનો શ્વાસ લીધો : આવા ગંભીર અકસ્માતોને લઈ સ્થાનીક તંત્રની અવેરનેસ ચકાસવા મોકડ્રિલનું આયોજન થયેલ**


(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૧

ગીર સોમનાથના અરબી સમુદ્રમાં સૌર લાઈન ઉપર ઓઈલ ટેક્રરમાંથી અકસ્માતે લીકેજની ઘટનાનો સિનારિયો ઉભો કરી મોકડ્રિલ યોજવામાં આવી હતી. જેમાં પર્યાવરણ અને સમુદ્રી જીવસૃષ્ટિ તેમજ સમુદ્ર તટ ઉપર મહત્તમ નુકસાન નિવારવા સ્થાનીક સહિત સંબંધિત તંત્રની સજાગતાનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા આયોજીત મેગા મોકડ્રિલ અંતર્ગત સમુદ્રમાં ઓઈલ ટેક્રરોના અકસ્માત સમયે સર્જાતી આપાતકાલ સ્થિતિ સંદર્ભે કેવા પ્રકારની રેસ્કયુ કામગીરી હાથ ધરવામાં આવે છે. આ કામગીરીમાં શું વધુ સુધારો કરી શકાય તે મુદ્દે દિવ, દમણ અને દાદરા નગર હવેલી ત્રણે યુનાઈટેડ ટેરેટરીને સાંકળતી મોકડ્રિલ આજે સવારે ગીર સોમનાથના સમુદ્રમાં યોજાઈ હતી. અરબી સમુદ્રમાં કોસ્ટગાર્ડ જ્યારે સમુદ્ર કિનારા ઉપર મરીન અને લોકલ એજન્સીઓ જોડાઈ હતી. કોડીનાર નજીક મૂળદ્વારકા જે.ટી. ઉપર વહેલી સવારે ફાયર, ફોરેસ્ટ, મેડિકલ, રેવન્યુ સહિતના સરકારી વિભાગ સ્ટેન્ડ બાય મોડમાં જોવા મળ્યા હતા અને અરબી સમુદ્રમાં સૌર લાઈન પર ઓઈલ લીકેજ ના મેસેજ મળતાં ની સાથે જ તમામ વિભાગો કામે લાગી ગયા હતા. આ મોકડ્રિલમાં પ્રથમ સમુદ્ર માં લીકેજ થયેલ ઓઈલ ને સૌર લાઈનથી નજીક આવતા અટકાવવાનો પ્રયત્ન થયેલ ત્યાર બાદ સમુદ્ર કાંઠા ઉપર સ્થાનિક માછીમારો ને સ્થળાંતરીત કરવા જ્યારે ફોરેસ્ટ વિભાગ દ્વારા દરિયાઈ જીવ સૃષ્ટિને વધુ નુકસાન ન પહોંચે તે માટે કાર્યવાહી કરવી સહિત જુદી જુદી એજન્સી દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# વેરાવળમાં ઓવરબ્રીજના કામમાં સર્વિસ રોડ આપવા તથા ભુગર્ભ ગટર યોજનાના કામો સત્વરે પુર્ણ કરવા કલેકટરે તાકીદ કરી

## જીલ્લા કલેક્ટરએ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી જીયુડીસીના કામોની સમીક્ષા કરી લોકોની ફરીયાદ દુર કરવા કામગીરી હાથ ધરવા સુચના આપી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૧

રાજ્ય સરકારની સંસ્થા જીયુડીસી દ્વારા વેરાવળ સોમનાથ જોડીયા શહેરમાં ભુગર્ભ ગટર યોજનાનું તથા બે ઓવરબ્રીજ બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરી મનઘડત રીતે ગોકળગતિએ થઈ રહી હોવાથી લોકોને ભારે હાડમારીનો સામનો કરવો પડી રહ્યો છે. દરમ્યાન છેલ્લા થોડા દિવસો દરમ્યાન જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ શહેરમાં યોજેલ વોર્ડ સભાઓમાં ઓવરબ્રીજની તથા ભુગર્ભ ગટર યોજનાની કામગીરી સામે લોકો વ્યાપક ફરીયાદો કરી હતી. જેથી ગઈકાલે જીલ્લા કલેકટરએ જીયુડીસીના ગાંધીનગરથી ઉચ્ચ અધિકારીઓને અત્રે બોલાવી તેઓ સાથે બેઠક કરી હતી. જેમાં પાલિકા વિસ્તારમાં ઘણાં સમયથી ચાલતા એવા અધુરા જીયુડીસીને આધિન કામોની હાલની સ્થિતિની સમિક્ષા કરવામાં આવી હતી. જેમાં ઓવરબ્રીજની કામગીરીના કારણે ટ્રાફીક સમસીયા ત્રાસ દાયક બની છે. ત્યારે બેઠકમાં જીલ્લા કલેકટર જાડેજાએ બ્રિજની કામગીરી ઝડપથી પૂર્ણ કરવાની સાથે સત્વરે બ્રિજની બંન્ને તરફ સર્વિસ રોડ બનાવવા સુચના આપી હતી. આ કામગીરીને લઈ લોકોના આવાગમન માટે બંધ રહેલ ફાટક સત્વરે ખુલી જાય તેને લઈ ઝડપી કામગીરી કરવા જણાવ્યું હતું. વધુમાં શહેરમાં નંખાયેલ ભૂગર્ભ ડ્રેનેજ યોજનાની લાઈનોમાં મિસિંગ લિંક, અધુરી લાઈનો અંગે લોકોની વ્યાપક ફરીયાદો આવે છે. જેને ગંભીરતાથી લઈ તાત્કાલિક કામો પૂર્ણ કરવા સૂચના આપી હતી. આ યોજના અંતર્ગત ત્રીજા તબક્કામાં મંજૂર થયેલ શહેરના ગામતળના કામો આગામી વર્ષાઋતુની સીઝન પહેલાં પૂર્ણ કરવા માર્ગદર્શન આપ્યુ હતુ. આ યોજનામાં મંજૂર થયેલ સૂએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરી ઝડપથી ચાલુ કરવા સુચના આપી હતી. આ બેઠકમાં ગાંધીનગરથી જીયુડીસીના મુખ્ય ઈજનેર એન.એલ.પટેલ, મેનેજર ગોવિંદ પટેલ, ધીરજ રાઠોડ,ચીફ ઓફિસર ચેતન ડૂડિયા, અધિકારી જેઠાભાઈ સોલંકી સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**જીયુડીસીના સ્થાનીક અધિકારીઓ સામે પગલાં ભરવા કલેકટરે ભલામણ કરી**

અત્રે નોંધનીય છે કે, આ બેઠકમાં જોડીયા શહેરમાં ચાલતા જીયુડીસીના કામોનું મોનીટરીંગ કરતા અધિકારીઓ પોતાની ફરજમાં ઘોર બેદરકારી દાખવતા હોવા અંગે ઉચ્ચ અધિકારીઓ સમક્ષ જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ સખ્ત નારાજગી દર્શાવીને તેઓ સામે પગલાં ભરવા ભલામણ કરી હોવાનું સુત્રોમાંથી જાણવા મળેલ છે.

# વેરાવળ સીટી પોલીસ સ્ટેશન તથા પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનના અલગ અલગ વિસ્તારમાં ટ્રાફીક ટીમો દ્વારા ટોઈંગ વાહનો સાથે રાખી કરવામાં આવેલ અસરકારક કામગીરી



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૧

જૂનાગઢ આઈ.જી.પી. નીલેશ જાજડીયા તથા ગીર સોમનાથ જીલ્લાના પોલીસ અધિક્ષક મનોહરસિંહજી એન. જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક વી.આર. ખેંગારનાઓની સુચના દ્વારા જીલ્લામાં વેરાવળ સીટી તથા પ્રભાસ પાટણમાં ટ્રાફીકની સમસ્યા ન રહે એ માટે અસરકારક કામગીરી કરવા સુચના કરવામાં આવેલ. ગીર સોમનાથ જીલ્લાના પોલીસ અધિક્ષકના હસ્તે ટ્રાફીક સમસ્યાના નિવારણ માટે ટોઈંગ વ્હીકલનું તા.૨-૧૨-૨૦૨૪ના રોજ અનાવરણ કરવામાં આવેલ જેથી વેરાવળ સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એચ.આર.ગોસ્વામીની સુચના અને માર્ગદર્શન અન્વયે વેરાવળ સીટી પોલીસ સ્ટેશનના ટ્રાફીક ઈન્ચાર્જ એ.એસ.આઈ. બી.યુ.રાઠોડ તથા લખમણભાઈ કામ્બલીયા તથા ટ્રાફીકની ટીમ સાથે વેરાવળ સીટી પોલીસ સ્ટેશનના અલગ અલગ વિસ્તાર જેમાં ટાવર ચોક, પાટણ દરવાજા, બસ સ્ટેશન, સટ્ટા બજાર, શાક માર્કેટ ચાર રસ્તા, ગાંધી ચોક, રેલ્લે સ્ટેશન વિગેરે વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન ટ્રાફીકની ટીમ દ્વારા તા.૨-૧૨-૨૦૨૪ થી તા.૧૯-૧૨-૨૦૨૪ દરમ્યાન મોટર સાયકલની ટોઈંગ તથા ફોરવ્હીલ કારની ટોઈંગ વાહનો સાથે રાખી અડચણ રૂપ વાહનોને ટોઈંગ કરેલ તથા સમાધાન શુલ્ક પાવતી -૨૦૪ જેનો દંડ-૧૦,૨૭૦૦ તથા એમ.વી.એકટ કલમ-૨૦૭ મુજબ ૨૨ વાહનો ડિટેઈન કરવામાં આવેલ તેમજ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એમ.વી.પટેલની સુચના અને માર્ગદર્શન અન્વયે પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનના ટ્રાફીક ઈન્ચાર્જ પો.હેડ કોન્સ.મહેન્દ્રભાઈ શીંગાળા તથા મેરામણભાઈ કોડીયાતર તથા પો.કોન્સ.દિલાવરસિંહ વાળા તથા ટ્રાફીકની ટીમ સાથે પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનના અલગ અલગ વિસ્તાર જેમાં ગુડલક સર્કલ, હમીર સર્કલ, ગીતા મંદિર, સફારી સર્કલ, પાટણ ઝાપા વિગેરે વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન ટ્રાફીકની ટીમ દ્વારા મોટર સાયકલની ટોઈંગ તથા ફોરવ્હીલ કારની ટોઈંગ વાહનો સાથે રાખી અડચણ રૂપ વાહનોને ટોઈંગ કરેલ તથા સમાધાન શુલ્ક પાવતી-૯૯ જેનો દંડ-૪૯,૫૦૦/- મુજબની ટ્રાફીકની કામગીરી કરવામાં આવેલ છે. આ ટોઈંગ વાહનો દ્વારા ટ્રાફીકની કામગીરી આવનારા દિવસોમાં પણ ચાલુ રહેશે જેથી તમામ નાગરીકોનેએ જાહેર રસ્તા ઉપર પોતાના વાહનો ગેર કાયદેસર અને અડચણરૂપ પાર્કીગ કરવા નહી અન્યથા કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે જેથી તમામ નાગરીકોને ટ્રાફીક નિયમોનું પાલન કરવા સુચના છે.

# ગુજરાતની હાઈકોર્ટમાં ૧,૭૦,૯૬૩ કેસ પડતર, જ્યારે રાજ્યની જિલ્લા અને નીચલી અદાલતોમાં પડતર કેસની કુલ સંખ્યા ૧૬,૯૦,૬૪૩

## કાયદા અને ન્યાય રાજ્યમંત્રીનો રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીને પ્રત્યુત્તર



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૧

અત્યારે ગુજરાત હાઈકોર્ટમાં ૧,૭૦,૯૬૩ જેટલા કેસ પડતર છે, જ્યારે રાજ્યની જિલ્લા તથા નીચલી અદાલતોમાં ૧૬,૯૦,૬૪૩ કેસ પડતર છે. રાજયસભાના સાંસદ શ્રી પરિમલ નથવાણીએ પૂછેલા એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય કાયદા અને ન્યાય (સ્વતંત્ર હવાલો) તેમજ સંસદીય બાબતોના રાજ્યમંત્રી શ્રી અર્જુન રામ મેઘવાલે ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ રાજ્યસભાને આ માહિતી પૂરી પાડી હતી. ગૃહમાં રજૂ કરાયેલા મંત્રીશ્રીના નિવેદન મુજબ, હાલ ભારતની સુપ્રીમ કોર્ટમાં કુલ ૮૨,૬૪૦ કેસ પડતર છે, જ્યારે દેશની વિવિધ હાઈકોર્ટમાં કુલ ૬૧,૮૦,૮૭૮ કેસ પડતર છે અને દેશની જુદી-જુદી જિલ્લા તથા નીચલી અદાલતોમાં કુલ મળીને ૪,૬૨,૩૪,૬૪૬ કેસ હાલની તારીખે પડતર છે. મંત્રીના નિવેદન અનુસાર, ગુજરાત હાઈકોર્ટમાં જજની કુલ મંજૂર કરાયેલી ૫૨માંથી ૨૦ જગ્યા ખાલી પડી છે. જ્યારે ગુજરાતની જિલ્લા તથા નીચલી અદાલતોમાં જજની કુલ મંજૂર કરાયેલી ૧૭૨૦માંથી ૫૩૫ જગ્યા ખાલી પડી છે. દેશની વિવિધ હાઈકોર્ટમાં જજની કુલ ૧૧૨૨ જગ્યા મંજૂર કરાયેલી છે, જેમાંથી ૩૬૮ જગ્યા આજે પણ ખાલી છે. જ્યારે આજની પરિસ્થિતિમાં દેશની વિવિધ જિલ્લા અને નીચલી અદાલતોમાં કુલ ૨૫૭૪૧ જજની સંખ્યા મંજૂર કરાયેલી છે જેની સામે ૫૨૬૨ જગ્યા હજી ખાલી છે, તેવો મંત્રીએ ઉલ્લેખ કર્યો હતો. તેમના નિવેદન મુજબ, ભારતની સુપ્રીમ કોર્ટમાં જજની મંજૂર કરાયેલી કુલ ૩૪માંથી ફક્ત એક જ જજની જગ્યા ખાલી છે. શ્રી નથવાણી સર્વોચ્ચ અદાલત તેમજ દેશની વિવિધ હાઈકોર્ટ અને જિલ્લા તથા નીચલી અદાલતોમાં જજની ખાલી પડેલી સંખ્યા ઉપરાંત ભારતની સુપ્રીમ કોર્ટમાં તેમજ વિવિધ હાઈકોર્ટ અને નીચલી અદાલતોમાં હાલ પડતર રહેલા કેસની સંખ્યા વિશે જાણવા ઈચ્છતા હતા.

# પવિત્ર ધનુર્માસના શનિવાર નિમિત્તે શ્રીકષ્ટભંજનદેવને શિવસ્વરૂપનો શણગાર એવં દાદાના સિંહાસનને આશ્રમમાં યજ્ઞ અનુષ્ઠાન કરતા ઋષિમૂનીઓની ઝાંખી રજુ કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૨૧

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી પવિત્ર ધનુર્માસ નિમિત્તે તારીખ ૨૧-૧૨-૨૦૨૪ને શનિવારના રોજ શ્રીકષ્ટભંજનદેવને શિવસ્વરૂપનો શણગાર એવં આશ્રમમાં યજ્ઞ અનુષ્ઠાન કરતા ઋષિમૂનીઓની ઝાંખી રજુકરવામાં આવેલ છે.મહત્ત્વનું છે કે, તો આજે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા તથા ૭:૦૦ કલાકે શણગાર આરતી કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી (અથાણાવાળા)એ કરી હતી. આજે કરાયેલ શણગાર વિષે કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી (અથાણાવાળા)એ જણાવ્યું હતું કે પવિત્ર ધનુર્માસનો શનિવાર છે જેથીશ્રીકષ્ટભંજનદેવને શિવસ્વરૂપનો શણગાર ધરાવાયો છેસમગ્રધનુર્માસ નિમિતે દાદાને મંદિર પરિસરમાં આવેલ યજ્ઞ શાળામાં નિત્ય હોમ-હવન-યજ્ઞ અનુષ્ઠાન કરવામાં આવી રહ્યું છે.દાદાના વાઘા ત્રણ દિવસની મહેનતે ચાર હરિભક્તોએ તૈયાર કર્યા છે તેમજ સિંહાસને છ હરિભક્તોએ ૨ દિવસની મહેનતે આશ્રમ અને ઋષિમુનીઓની ઝાંખી તૈયાર કરવામાં આવી છે. પવિત્ર ધનુર્માસ નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર આયોજીત સાળંગપુરધામમાં પારિવારિક શાંતિ માટે મંદિરના પટાંગણમાં યજ્ઞશાળામાં શ્રી હનુમાન ચાલીસા યજ્ઞનું આયોજન તા.૧૬ -૧૨-૨૦૨૪ થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ સુધી કરવામાં આવ્યું છે. યજ્ઞશાળામાં શ્રી



હનુમાન ચાલીસા યજ્ઞ સવારે ૭ થી ૧૨ અને સાંજે : ૩ થી ૬ કલાક દરમ્યાન પવિત્ર ભૂદેવો વડે પૂજન-અર્ચન-આરતી કરવામાં આવી રહ્યા છે. હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

# જૂનાગઢ શહેર કોંગ્રેસ સમિતી દ્વારા કલેક્ટરને આવેદન પત્ર અપાયું



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૧ : જૂનાગઢ જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા દેશના ગૃહમંત્રી અમિતભાઈ શાહે કરેલા ડો. બાબા સાહેબ આંબેડકરનાં અપમાનનાં વિરોધમાં જૂનાગઢ કલેક્ટરનાં માધ્યમથી રાષ્ટ્રપતિ અને રાજયપાલને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ આવેદનમાં જાહેર મંચ ઉપર અમિત શાહ માફી માંગે અને એમના રાજીનામાની માંગ કરવામાં આવી હતી. આ તકે શહેર કોંગ્રેસ પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા કલેક્ટરો-જિલ્લા વિકાસ અધિકારીઓની કોન્ફરન્સ




## જનતા-પબ્લીકને સારી સેવા-સુવિધા અને યોજનાકીય લાભો પહોંચાડવાના માધ્યમ સરકાર-અમલીકરણ અધિકારીઓ અને જિલ્લા વહિવટી વડાઓએ બનવાનું છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

(પ્રતિનિધી દ્વારા)

ગાંધીનગર તા.૨૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, સરકાર અને અમલીકરણ અધિકારીઓ તથા જિલ્લાના વહીવટી વડાઓએ જનતા-પબ્લિકને સારી સેવા-સુવિધાઓ અને કલ્યાણ યોજનાઓના લાભ પહોંચાડવાના માધ્યમ બનવાનું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આ જવાબદારી અને કર્તવ્યના ભાવ સાથે કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ પોતાની ભૂમિકા નિભાવે તે અપેક્ષિત છે.

મુખ્યમંત્રી રાજ્યના જિલ્લા કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની એક દિવસીય સંયુક્ત પરિષદનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલ, પંચાયત રાજ્યમંત્રી બચુભાઈ ખાબડ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સલાહકાર ડૉ. હસમુખ અઢિયા આ અવસરે ઉપસ્થિત રહ્યાં હતાં.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, જાહેર સેવક તરીકે જનતાની સેવા કરવી, તેની સમસ્યા-મુશ્કેલીઓ દૂર કરવી તે આપણું દાયિત્વ અને ફરજ બેય છે. આ માટે લોકસંપર્ક વધુ સુદ્રઢ બનાવવાની હિમાયત કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા અધિકારીઓને ફિલ્ડ વિઝીટ માટે તાકીદ કરી હતી.

તેમણે જણાવ્યું કે, ફિલ્ડ વિઝીટમાં લોકોની રજૂઆતો-ફરિયાદો ધ્યાને આવે તેના નિવારણ માટેના ઉપાયો યોજવા સાથોસાથ જિલ્લાના અધિકારીઓ-કર્મચારીઓના વ્યવહાર વર્તનનો ફીડબેક મેળવી સુશાસનની દિશામાં વધુ સક્રિય થઈએ.

મુખ્યમંત્રીએ લોક પ્રશ્નોના ત્વરિત નિરાકરણની તથા ઉચ્ચ કક્ષાથી લઈને સામાન્ય માનવીની રજૂઆતોના યોગ્ય જવાબ મળે તેવી સુદ્રઢ વ્યવસ્થા જિલ્લા સ્તરે જ ઊભી થાય અને 'સ્વાગત'માં આવવું જ ન પડે તેવી સ્થિતીનું નિર્માણ કરવા પણ કલેકટરો-વિકાસ અધિકારીઓને સ્પષ્ટ દિશાનિર્દેશ આપ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ''ઝિરો ટોલરન્સ અગેઈન્સ્ટ કરપ્શન''નો નિર્ધાર દોહરાવતા કહ્યું કે, વિકાસના રોલ મોડલ એવા આપણા ગુજરાતના વધુ ઉન્નત અને વૈશ્વિક વિકાસમાં આડે આવતું આ કરપ્શન ૧૦૦ ટકા દૂર કરવું જ પડે, નિંદામણ કરી નાખવું પડે એમ તેમણે માર્મિક ટકોર કરતા ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ સ્પષ્ટ કહ્યું કે, સરકારના પરિપત્રો નિયમોનું અલગ અલગ અર્થઘટન જિલ્લાઓમાં થવું ન જોઈએ જો કોઈ કામ નિયમાનુસાર ન થાય તેવું હોય તો તેના સ્પષ્ટ કારણો જણાવી દેવા જોઈએ.

આ અંગે તેમણે વધુમાં જણાવ્યું કે, વ્યવસ્થા સ્થાયી છે કોઈ વ્યક્તિ કે તેનું પદ સ્થાયી નથી, એટલે સેવાકાળ દરમિયાન જનહિતના કામો પારદર્શિતા અને ૧૦૦ ટકા પ્રમાણિકતાથી કરીને પદની ગરિમા-સ્ટેટસ ઊંચું લાવવાનો વિચાર જ પ્રાથમિકતા હોવો જોઈએ. ગુજરાત આજે વિકાસનું રોલ મોડલ અને ગ્રોથ એન્જિન બન્યું છે તેમાં જિલ્લાના વડા તરીકે કલેકટર-ડી.ડી.ઓ. અને તેમની ટીમનો મહત્વપૂર્ણ ફાળો છે તેમ મુખ્યમંત્રીએ સૌને એ માટે બિરદાવતા જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો રોડ મેપ તૈયાર થયેલો છે તેનાં સુચારુ અમલથી ૨૦૪૭ સુધીમાં વિકસિત ગુજરાત બને તેવી સંકલ્પના અને કાર્યદક્ષતા જિલ્લાની ટીમના વડાઓએ દાખવવાની છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવી કલેકટર-ડી.ડી.ઓ. કોન્ફરન્સ જિલ્લાઓમાં કરવાનું પ્રેરક સૂચન કરતા કહ્યું કે, આના પરિણામે જિલ્લાના સમગ્રતયા વિકાસથી રાજ્ય સરકાર અને અન્ય જિલ્લા અધિકારીઓ ભલિ ભાંતિ પરિચિત પણ થશે.

આ એક દિવસીય પરિષદમાં મહેસુલ, પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગની લોકોને સીધી સ્પર્શતી યોજનાઓમાં જિલ્લાઓની કામગીરીની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

આ ઉપરાંત નિર્મળ ગુજરાત ૨.૦, નલ સે જલ, પી.એમ.વિશ્વકર્મા યોજના, પ્રધાનમંત્રી સૂર્યઘર મૂફ્ત બીજલી યોજના, પી.એમ.જે.એ.વાય. અને પી.એમ. પોષણ યોજનાની જિલ્લા સ્તરે થયેલી કામગીરી પર પ્રેઝન્ટેશન સહિત સમૂહ ચિંતન થયા હતા.

આ પ્રસંગે મુખ્ય સચિવ રાજકુમારે પરિષદનો હેતુ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે, નાગરિકોના હિતમાં સરકારે અમલમાં મૂકેલી કોઈપણ યોજનાની આંકડાકીય સિદ્ધિ કરતા એ યોજનાનો ઉદ્દેશ્ય પરિપૂર્ણ થાય તે વધુ મહત્વપૂર્ણ છે. જિલ્લાના વહીવટી વડા તરીકે કલેકટરઓ અને જિલ્લા વિકાસ અધિકારીઓનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોની સુખાકારી જ હોવો જોઈએ. નાગરિક હિતલક્ષી કોઈપણ કામ ગુણવત્તાયુક્ત થશે, તો જ નાગરિકોની સુખાકારીમાં વધારો થશે અને સરકાર પ્રત્યે તેમનો વિશ્વાસ વધુ દ્રઢ બનશે.

મુખ્ય સચિવએ ઉમેર્યું હતું કે, સરકારની કોઈપણ યોજનાને વધુ અસરકારક બનાવવા માટે 'ફીડબેક મેકેનીઝમ' ઉભું કરવું ખૂબ જ જરૂરી છે. જિલ્લા કક્ષાએ કામ કરતા અધિકારીઓ નાગરીકો સાથે સૌથી નજીકથી કામ કરતા હોવાથી ફીડબેક મેકેનીઝમ વધુ મજબૂત બની શકે છે. એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

આ સંયુકત પરિષદમાં મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવઓ પંકજ જોષી અને એમ. કે. દાસ ઉપરાંત રાજય સરકારના વિવિધ વિભાગોના અધિક મુખ્ય સચિવો, અગ્રસચિવો અને મુખ્યમંત્રીના સચિવ મતી અવંતિકા સિંઘ સહિત સચિવો પણ જોડાયા હતા.

# અદાણી ગ્રુપ વિરૂદ્ધ કાર્યવાહીમાં સામેલ યુએસના એટર્ની રાજીનામું આપશે




(પ્રતિનિધી દ્વારા)

અમદાવાદ તા.૨૧

અદાણી ગ્રુપ વિરુદ્ધ કાર્યવાહીમાં સામેલ યુએસ ફેડરલ પ્રોસિક્યુટર બ્રાયન પીસ ૧૦ જાન્યુઆરીએ રાજીનામું આપશે. અદાણી ગ્રીન એનર્જી અને તેના અધિકારીઓ સામે બ્રાયન પીસે લાંચ લેવાના આક્ષેપો કર્યા હતા. રાષ્ટ્રપતિ જો બિડેન દ્વારા તેમની નિમણૂક કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતુ કે ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ પદની સત્તા સંભાળે તે પહેલા પોતે નોકરી છોડી દેશે. ન્યૂયોર્કના બ્રુકલિનના ૫૩ વર્ષીય બ્રાયન પીસે બુધવારે એક નિવેદન જારી કરીને તેમના રાજીનામાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતુ કે યુએસ ફેડરલ પ્રોસિક્યુટર તરીકે કામ કરવું એ તેમના માટે તેમના જીવનનો અવિસ્મરણીય અનુભવ હશે. તેઓ ૨૦૨૧ માં રાષ્ટ્રપતિ બિડેન દ્વારા નિયુક્ત કરવામાં આવ્યા હતા. અમેરિકાના ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦ જાન્યુઆરીએ કાર્યભાર સંભાળવા જઈ રહ્યા છે. નિવેદનમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે જાન્યુઆરી ૨૦૨૫ માં ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના શપથગ્રહણ બાદ કેરોલિન પોકોર્નીને પીસના સ્થાને નિયુક્ત કરવામાં આવશે. તેઓ ન્યૂયોર્કના પૂર્વીય જિલ્લાના કાર્યકારી ફેડરલ પ્રોસીક્યુટર તરીકે ફરજ સંભાળશે. અગાઉ અદાણી ગ્રુપે પીસ દ્વારા લગાવવામાં આવેલા લાંચના આરોપોને નકારી કાઢ્યા હતા. અદાણી ગ્રીન એનર્જીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ગૌતમ અદાણી, સાગર અદાણી અને વરિષ્ઠ નિર્દેશક વિનીત જૈન યુએસ ન્યાય વિભાગ દ્વારા લાંચના તમામ આરોપોથી મુક્ત છે.મીડિયા અહેવાલો અનુસાર અદાણી જૂથના ગૌતમ અદાણી, તેમના ભત્રીજા સાગર અદાણી અને વરિષ્ઠ નિર્દેશક વિનીત જૈન પર યુએસ ફોરેન કરપ્ટ પ્રેક્ટિસ એક્ટ (FCPA) હેઠળ લાંચ અને ભ્રષ્ટાચારના આરોપો મૂકવામાં આવ્યા હતા. તેના જવાબમાં અદાણી ગ્રીન એનર્જીએ નિવેદન જારી કરી જણાવ્યું હતું કે માત્ર એઝ્યુર પાવરના રણજીત ગુપ્તા, સિરિલ કેબેન્સ, સૌરભ અગ્રવાલ, દીપક મલ્હોત્રા અને રૂપેશ અગ્રવાલ અને ઝહુંઉ પર ભ્રષ્ટાચારના આરોપો મૂકવામાં આવ્યા હતા જેમાં અદાણી ગ્રુપના કોઈપણ અધિકારીનું નામ નથી.

# મહેર જ્ઞાતિના શૈક્ષણિક અને સામાજીક વિકાસના પ્રેરણાસ્ત્રોત પુ. માલદેવબાપુની ૫૯મી પુણ્યતિથિ નિમિતે ભાવાંજલિ નો કાર્યક્રમ પોરબંદર અને વિસાવડા ગામે યોજાશે



(પ્રતિનિધી દ્વારા)

ગોસા (ઘેડ) તા.૨૧

મહેર જ્ઞાતિના શૈક્ષણિક અને સામાજિક વિકાસના પ્રેરણા સ્ત્રોત સંત શિરોમણી પૂજ્ય માલદેવ રાણા કેશવાલા એટલે કે પૂજ્ય માલદેવ બાપુની ૫૯મી પુણ્યતિથિ નિમિત્તે ભાવાંજલિ કાર્યક્રમનું તારીખ ૦૧-૦૧-૨૦૨૫ના રોજ પોરબંદર તેમજ વિસાવાડા ગામે ભાવાંજલિ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

મહેર જ્ઞાતિની સામાજિક સંસ્થાઓ શ્રી ઈન્ટરનેશનલ મહેર સુપ્રીમ કાઉન્સિલ શ્રી માલદેવ રાણા કેશવાલા મહેર સમાજ ઝુંડાળા, શ્રી માલદેવ રાણા મહેર એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી મહેર શક્તિ સેના, શ્રી ઘેડ સામાજિક વિકાસ સમિતિ, શ્રી બરડા વિકાસ સમિતિ, શ્રી મહેર આર્ટ સમિતિ, શ્રી મહેર હીત રક્ષક સમિતિ, શ્રી મહેર મહિલા વિકાસ મંડળ, શ્રી મહેર શક્તિ સેના મહિલા મંડળ ના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ઉપરોક્ત સંસ્થાઓ દ્વારા પૂજ્ય માલદેવ બાપુની પુણ્યતિથિને શિક્ષણ દિન તરીકે ઉજવવાનો પણ નિર્ણય કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ અંતર્ગત સર્વપ્રથમ તારીખ ૦૧-૦૧-૨૦૨૫ને બુધવારના રોજ પોરબંદર ખાતે હરીશ ટોકીઝ પાસે આવેલ માલદે રાણા ચોકમાં બપોરે ત્રણ વાગ્યે પૂજ્ય માલદેવ બાપુની પ્રતિમાને પુષ્પહાર દ્વારા ભાવાંજલિ અર્પણ કરી બપોરે ૩ઃ૩૦કલાકે પૂજ્ય માલદે બાપુની કર્મભૂમિ એવા શ્રી માલદેવ રાણા કેશવાલા મહેર સમાજ ઝુંડાળા ખાતે એક પુષ્પાંજલિ કાર્યક્રમનું રાખવામાં આવેલ છે. ત્યારબાદ સાંજે ૦૪:૦૦ વાગ્યે પોરબંદરથી વિસાવાડા ખાતે પ્રસ્થાન કરવામાં આવશે જ્યાં સાંજે ૫-૦૦ થી ૬-૦૦ વાગ્યે રામદેવપીર સપ્તાહ શ્રવણ અને ત્યારબાદ જ્ઞાતિના કલાકારોનું સન્માન, શૈક્ષણિક માર્ગદર્શન તેમજ મહેર જ્ઞાતિના પરંપરાગત રાસડા મણિયારા તેમજ દાંડીયારાસ દ્વારા સંત શિરોમણી પૂજ્ય માલદેવ બાપુને ભાવાંજલિ પાઠવવામાં આવશે તો આ સમગ્ર ભાવાંજલિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સમસ્ત મહેર સમાજને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

# સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ જૂનાગઢ ખાતે સિદી બહેનોના સિદી ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન કેમ્પનું સમાપન





જૂનાગઢ તા.૨૧

સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ જૂનાગઢ ખાતે રાજયકક્ષાનું સિદી ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન કેમ્પનું આયોજન ગુજરાત સરકારશ્રીના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ગુજરાતમાં વસતા અને પોતાની અલગ ઓળખ ધરાવતા વિશેષ પ્રતિભાશાળી સિદી બહેનો-ભાઈઓને એક વિશેષ તક આપવા ગુજરાત સરકાર કટીબંધ છે ત્યારે સિદી બહેનો માટેના સિદી ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન કેમ્પ સમાપન કાર્યક્રમ આજ રોજ કાર્યક્રમના અધ્યક્ષ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, લત્તાબેન ઉપાધ્યાય, તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી નીતાબેન વાળા, જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી ખેડા, મનસુખભાઈ તાવેથીયા ની ઉપસ્થિતીમાં યોજાયો હતો. આ તકે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, લત્તાબેન ઉપાધ્યાયએ સરકારશ્રી તથા સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત અંતર્ગતની DLSS યોજનાના મળતા લાભો અંગે ખેલાડીઓને જાણકારી આપી હતી તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી નીતાબેન વાળાએ રમત ગમત ક્ષેત્રે આગળ વધવા માટે ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી ખેડા, મનસુખભાઈ તાવેથીયા દ્વારા ખેલાડીઓને રાજ્ય અને રાષ્ટ્રકક્ષા રમતો માટેની તૈયારીઓ માટેના સૂચનો કર્યા હતા. આ કાર્યક્રમમાં જલ્પાબેન કયાડા, પ્રમુખશ્રી સિદી સમાજ, જૂનાગઢ નુરમદદભાઈ, પ્રમુખશ્રી સિદી સમાજ, વેરાવળ હાસમભાઈ મુસાગરા, મહિલા પ્રમુખશ્રી સિદી સમાજ, હનીફાબેન મજગુલ, મહિલા પ્રમુખશ્રી સિદી સમાજ, માંગરોળ બિલ્કીસબેન મકવાણા, તેમજ કોચ, ટ્રેનર, પ્રોગ્રામ મેનેજર, ટેકનીકલ મેનેજર ઉપસ્થિત રહ્યા હતા.

અંતે જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી ભૂષણ કુમાર યાદવ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, જૂનાગઢ દ્વારા યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# જૂનાગઢ જિલ્લામાં ૩૭,૯૧૫ ગંગા સ્વરૂપા બહેનોને દર માસે કુલ રૂ. ૪.૭૩ કરોડની ચૂકવાતી સહાય

## રાજ્ય સરકાર દ્વારા ગંગા સ્વરૂપ બહેનો સ્વમાનભેર જીવન વ્યાપન કરી શકે તે માટે દર માસે રૂ. ૧૨૫૦ની સહાય જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંવેદનશીલતા સાથે ગંગા સ્વરૂપા બહેનોને મદદરૂપ થવાનો અભિગમ

જૂનાગઢ તા.૨૧

રાજ્ય સરકાર દ્વારા ગંગાસ્વરૂપા બહેનો સ્વમાન ભેર જીવન વ્યાપન કરી શકે તે માટે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના શરૂ છે.

જૂનાગઢ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો ૩૭૯૧૫ લાભાર્થી ગંગા સ્વરૂપા બહેનોને દર માસે રૂ. ૧૨૫૦ની સહાય તેમના બેંક એકાઉન્ટમાં સીધી જમા કરવામાં આવે છે. આમ, જિલ્લામાં ગંગા સ્વરૂપા બહેનોને દર માસે કુલ રૂ.૪.૭૩ કરોડની સહાય ચૂકવવામાં આવી રહી છે.

ગુજરાત સરકાર દ્વારા મળતી આ સહાય પાત્રતા ધરાવનાર તમામ લાભાર્થી બહેનોને મળી રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જરૂરી પ્રયાસો કરવામાં આવે છે, ઉપરાંત સેવા સેતુ જેવા કાર્યક્રમના માધ્યમથી પણ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ આપવામાં આવે છે.ગંગા સ્વરૂપ બહેનો સમાજમાં ઓશિયાળા ન બની રહે અને આર્થિક સહાય મળે તે માટે જિલ્લા વહીવટી તંત્ર પણ સંવેદનશીલતા સાથે કામ કરે છે.


ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજનાનો લાભ લાભાર્થીને અરજી કર્યા તારીખથી મળવાપાત્ર છે. એટલે કે, ડિસેમ્બર માસમાં નવા લાભાર્થીઓને તફાવત કે એરિયસ સાથે કુલ ૪,૮૨,૫૫૦૦૦ની સહાય ચૂકવવામાં આવી છે.

ગ્રામીણ વિસ્તારમાં રૂ.૧.૨૦ લાખ અને શહેરી વિસ્તારમાં રૂ.૧.૫૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા ગંગાસ્વરૂપા બહેનોને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

ગંગા સ્વરૂપમાં આર્થિક સહાય યોજનાનો લાભ મેળવવા માટે સંબંધિત મામલતદાર કચેરી ખાતે જરૂરી આધાર પુરાવાઓ સાથે અરજી કરવાની રહે છે.

# ચોરવાડ નગરપાલિકાના તમામ સફાઈ કામદારો માટે મેડિકલ કેમ્પનું આયોજન





જૂનાગઢ તા.૨૧

કલેકટર અનિલકુમાર રાણાવસિયાની સુચના અન્વયે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. અલ્પેશ સાલ્વીના માર્ગદર્શન હેઠળ ચોરવાડ નગરપાલિકાના તમામ સફાઈ કામદારો માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુકસવાડા અને દ્રઝ્ઢ સેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ચોરવાડ દ્વારા મેડિકલ અને PMJAY કાર્ડ કાઢવા માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં તમામ સફાઈ કામદારોના આરોગ્યની તપાસ કરી જરૂરી સારવાર અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ૨૨ ફેબ્રુઆરી ના રોજ વેરાવળથી બનારસ સુધી ચાલશે "મહાકુંભ મેળા સ્પેશિયલ ટ્રેન"

(પ્રતિનિધી દ્વારા)

વેરાવળ તા.૨૧

મુસાફરોની સુવિધા માટે અને મહાકુંભ મેળા-૨૦૨૫ દરમિયાન મુસાફરોની વધારે ભીડ ને ધ્યાનમા રાખીને, પશ્ચિમ રેલવેએ વેરાવળ અને બનારસ સ્ટેશન વચ્ચે વેરાવળથી ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ વિશેષ ભાડા પર "મહાકુંભ મેળા સ્પેશિયલ ટ્રેન" ચલાવવાનો નિર્ણય કર્યો છે. ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી માશૂક અહમદના જણાવ્યા અનુસાર આ સ્પેશિયલ ટ્રેન નંબર ૦૯૫૯૧ વેરાવળ-બનારસ મહાકુંભ મેળા સ્પેશિયલ ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ વેરાવળથી ૨૨:૨૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૧૪.૪૫ કલાકે બનારસ પહોંચશે.

તેવી જ રીતે, ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ટ્રેન નંબર ૦૯૫૯૨ બનારસ-વેરાવળ મહાકુંભ મેળા સ્પેશિયલ બનારસથી ૧૯:૩૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે વેરાવળ ૦૯:૦૦ કલાકે પહોંચશે. આ ટ્રેન દોડશે. આ ટ્રેન બંને દિશામાં રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાલનપુર, આબુ રોડ, પિંડવાડા, ફાલના, રાણી, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, બાંદીકુઇ, ભરતપુર, આગરા ફોર્ટ, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રયાગરાજ અને જ્ઞાનપુર રોડ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૯૫૯૧ માટે બુકિંગ ૨૪મી ડિસેમ્બર, ૨૦૨૪ (મંગળવાર) થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરુ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને કમ્પોઝિશન સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www. enquiry. indian rail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# જૂનાગઢમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ''વિશ્વ ધ્યાન દિવસ'' અન્વયે ધ્યાન યોગ શિબિરનું આયોજન

જૂનાગઢ તા.૨૧

આપણા દેશના વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી સમગ્ર વિશ્વમાં તા.૨૧મી જુનના ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. તેમ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૧મી ડિસેમ્બરને ''વિશ્વ ધ્યાન દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. પ્રવર્તમાન સમયમાં તણાવ, અનિશ્ચિતતા અને સ્પર્ધાએ વર્ચસ્વ જમાવ્યું છે ત્યારે ભારતીય યોગ અને ધ્યાન એ માનવજાત માટે આશાનું એક કિરણ છે તેમ કહીએ તો ખોટું નથી.

જેના ભાગરૂપે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આજ તા.૨૧ ડિસેમ્બર,૨૦૨૪ શનિવારે સાંજે ૪.૦૦ થી સાંજે ૬.૦૦ કલાકે સ્વામીનારાયણ અક્ષર મંદિર, પ્રમુખસ્વામી હોલ જૂનાગઢ ખાતે ધ્યાન યોગ શિબિર યોજાશે.

આ કાર્યક્રમમાં વધુમાં વધુ નાગરિકોને જોડાવવા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી યોગસેવક શિશપાલજી દ્વારા એક અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.


torrent POWER DNHDD

વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઇનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ, વિસ્તારોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો નીચે દર્શાવેલ સમય દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.


| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૫/૧૨/૨૦૨૪ બુધવાર સમયઃ ૧૦:૦૦ થી ૪:૦૦ | મલાલા | કેવડી વિલેજ-ટીઆર | કેવડી વિલેજ |
| | | કેવડી વોટર પંપ-એચટી | પી.ડબ્લ્યુ.ડી., વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, કેવડી |
| ૨૬/૧૨/૨૦૨૪ ગુરુવાર સમયઃ ૧૦:૦૦ થી ૦૫:૦૦ | મલાલા | ટેલિફોન એક્ષચેન્જ - ટીઆર | ટેલિફોન એક્ષચેન્જ, સોરઠિયા સ્ટ્રીટ, નિલેશ ગેસ્ટ હાઉસ, સંઘડિયાવાડા, ભોઈ વાડા, ડો. કેલકર રોડ |

અસુવિધા બદલ દિલગીર છીએ

આરસીસીબી/ઇએલસીબીનો મોટો લાભ તમારા પરિવારની સુરક્ષાની ખાતરી

અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો અને સુરક્ષિત રહો

એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે



આપની સેવા માં હરહંમેશ હાજર


24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551

connect.torrentpower.com

connect.dnhdd@torrentpower.com

# જૂનાગઢમાં આવતીકાલે રાજય વેરા નિરીક્ષકની પરીક્ષા

## પરીક્ષા કેન્દ્રો અને આસપાસનાં વિસ્તારોમાં પ્રતિબંધ મુકાયો




જૂનાગઢ તા.૨૧

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આવતીકાલ તા.૨૨ ડિસેમ્બર, ૨૦૨૪ રવિવારના રોજ રાજય વેરા નિરીક્ષક પ્રિલિમિનરી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯.૩૦ થી બપોરે ૨.૩૦ વાગ્યા સુધી પરીક્ષા કેન્દ્રની હદમાં આવેલા જાહેર માર્ગ પર ચાર કે ચારથી વધુ વ્યક્તિઓએ એકત્ર થવું કે વાહન રાખવું નહિ. કમ્પાઉન્ડમાં અનઅધિકૃત્ત પ્રવેશ પ્રતિબંધિત છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા સ્થળ પર કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને ગેરરિતીઓ ન થાય તે માટે જૂનાગઢ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અંતર્ગત જાહેરનામું પ્રસિદ્ધ કરી પરીક્ષા કેન્દ્રોની ચારે તરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા તમામ મકાનો તથા જગ્યા સ્થળ અને વિસ્તારમાં પ્રતિબંધિત કૃત્યો કરવા મનાઈ ફરમાવી છે. પરીક્ષા કેન્દ્રોમાં મોબાઈલ, સ્માર્ટ વૉચ, બ્લુટુથ, ઈયરફોન, કેમેરા, લેપટોપ, ફેક્સ સહિત કોઈપણ પ્રકારના કોમ્યુનિકેશન સાધનો સાથે પ્રવેશવું નહિ. પરીક્ષા કેન્દ્રની આસપાસના પ્રતિબંધિત વિસ્તારમાં ઝેરોક્ષ-કોપી મશીનો સહિતના કોમ્યુનિકેશન સાધનો પરીક્ષા સમય પૂર્વે અને પછી એક કલાક બંધ રાખવા. પરીક્ષા બિલ્ડિંગ ખાતે કોઈપણ પરીક્ષાર્થી તેમ જ પરીક્ષા સાથે સંકળાયેલ હોય તેવા કર્મચારી તેમના મોબાઈલ લઈ જઈ શકશે નહીં. બિલ્ડિંગના પ્રવેશદ્વારથી જ અંદર મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ છે. અનિવાર્ય સંજોગોમાં જ સ્થળ સંચાલક પોતાનો મોબાઈલ લઈ જઈ શકશે. પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા-કરાવવામાં સીધી કે આડકતરી મદદ કરવી નહિ. આ હુકમ તા.૨૨ ડિસેમ્બર, ૨૦૨૪ રવિવારના રોજ સવારે ૯.૩૦ થી બપોરે ૨.૩૦ વાગ્યા સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અંતર્ગત શિક્ષાપાત્ર રહેશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢમાં ૧૦ ડીગ્રી અને ગિરનાર પર પાંચ ડીગ્રી ઠંડી સાથે સોરઠમાં કાતિલ શિતલહેર

જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢ સહીત સોરઠ પંથકમાં શિયાળાની કડકડતી ઠંડીનો અનુભવ છેલ્લા પંદરેક દિવસ થયા લોકો કરી રહયા છે. ડીસેમ્બર માસની શરૂઆત સાથે જ શિત લહેર પ્રસરી ગઈ છે. જેને લઈને જનજીવન પ્રભાવિત બનેલ છે.

દિવસભર સતત ટાઢુંબોળ વાતાવરણ રહેવાનાં કારણે બજારોમાં લોકોની પાંખી અવર જવર રહે છે. સાંજ પડે તો સોપો પડી જાય તેવી સ્થિતિ છે. ઠંડીનું આક્રમણ હજુ પણ સતત જારી રહેવાનું હવામાન વિભાગની આગાહી છે.

દરમ્યાન જૂનાગઢ શહેરનું આજે ૧૦ ડીગ્રી તાપમાન રહયું છે. જયારે ગિરનાર પર પાંચ ડીગ્રી તાપમાન સાથે ઠંડીનું લખલખું પસાર થયું છે. ત્યારે ગિરનાર ક્ષેત્ર અને ભવનાથ વિસ્તારમાં આવતાં પ્રવાસીઓ અને સ્થાનિકોને કાતિલ ઠંડીની અસર પહોંચી છે. જયારે જૂનાગઢમાં ભેજનું પ્રમાણ ૭૫ ટકા છે અને પવનની ગતિ ૭.૬ રહી છે. આમ જૂનાગઢ સહીત સમગ્ર સોરઠમાં કાતિલ ઠંડીનો દોર ચાલી રહયો છે. અનો વાતાવરણ ટાઢાટબુકડા જેવું રહયું છે.

# જૂનાગઢ ઉપલા દાતારના બ્રહ્મલીન મહંત પૂજ્ય વિઠ્ઠલબાપુની છઠ્ઠી પુણ્યતિથિએ સમાધિ પૂજન અને ભવ્ય સંતવાણી-ભજન મહોત્સવ ધામધૂમથી ઉજવાયો










(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ કોમી એકતાના પ્રતિક સમી ઉપલા દાતારની ધાર્મિક જગ્યામાં જગ્યાના બ્રહ્મલીન મહંત પૂજ્ય વિઠ્ઠલબાપુની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે જગ્યાના મહંતપૂજ્ય ભીમબાપુના કરકમળો દ્વારા પૂજ્ય વિઠ્ઠલબાપુની સમાધીનું પૂજન અને પધારેલા ભાવિકો અને સેવક સમુદાય માટે ભવ્ય ભોજન પ્રસાદનું અનેરૂ આયોજન કરાયું હતું. જેમાં હજારોની સંખ્યામાં દાતાર સેવકો અને ભાવિકો ઉમટી પડ્યા હતા અને પૂજ્ય વિઠ્ઠલબાપુની સમાધીના દર્શન કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આટલી ઉંચાઈ ઉપર આવેલી દાતાર બાપુની આ ધાર્મિક જગ્યામાં આસનસિદ્ધ મહંતો કે જેવો કદી પણ જગ્યા છોડી નીચે નથી ઉતર્યા તેવા પૂજ્ય વિઠ્ઠલબાપુ અને પૂજ્ય પટેલ બાપુની દિવ્ય સમાધિના લોકોએ દર્શન કરી ધન્ય બન્યા હતા અને હાલના મહંત પૂજ્ય ભીમ બાપુ દ્વારા પધારેલા ભાવિકોને મહાપ્રસાદ અને દર્શનનો લાભ લીધો હતો અને પુર્વ સંધ્યાએ ભવ્ય સંતવાણી લોક ડાયરો યોજાયો હતો. જેમાં કલાકારોએ ભજનોની રમઝટ બોલાવી હતી. (તસ્વીર-વિજય ત્રિવેદી)

# જૂનાગઢનાં લોહાણા યુવાન દિપ ઠકરારે ત્રિમુર્તિ હોસ્પીટલ નજીકથી મળેલી થેલી મુળ માલીકને પરત કરી માનવતા દર્શાવી





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ શહેરમાં રહેતા મિલનભાઈ વડગામાની અગત્યનાં ડોકયુમેન્ટવાળી થેલી ત્રિમુર્તિ હોસ્પીટલ નજીક પડી ગઈ હોય આ દરમ્યાન જવાહર રોડ પર રહેતા દિપ કિરીટભાઈ ઠકરારને આ થેલી મળતાં તેઓએ તાત્કાલીક જરૂરી કાર્યવાહી કરી અને પ્રમાણીકતા દાખવી અને માનવતા દર્શાવી અને મુળ માલીકને થેલી અર્પણ કરી હતી. આ અંગે મળતી વિગત અનુસાર જૂનાગઢમાં નહેરૂપાર્ક વિસ્તારમાં રહેતા મિલનભાઈ વડગામાની જે થેલીમાં મોબાઈલ અને રૂપીયા રોકડા તેમજ અન્ય વસ્તુઓ હતી તે થેલી ત્રિમુર્તિ હોસ્પિટલ નજીક પડી ગઈ હતી. દમ્યાન જવાહર રોડ વિસ્તારમાં રહેતા દિપ કિરીટભાઈ ઠકરારને આ થેલી મળતા તેઓ એ ડીવીઝન પોલીસ સ્ટેશને પહોંચ્યા હતાં અને પોતાને એટલે કે દિપ કિરીટભાઈ ઠકરારને એક થેલી મળી છે તે અંગેની વાત કરી હતી. એ ડીવીઝન પોલીસ સ્ટેશનના કલ્પેશભાઈ ચાવડાએ આ તકે થેલીનાં માલીકનો સંપર્ક કર્યો હતો અને મિલનભાઈ વડગામાને બોલાવી એ ડીવીઝન પોલીસે તેમની અગત્યના ડોકયુમેન્ટસ વાળી થેલી પરત કરી હતી. દિપ કિરીટભાઈ ઠકરારે જે માનવતા દાખવી અને તેઓને મળેલી અગત્યનાં ડોકયુમેન્ટવાળી થેલી મુળ માલીકને પરત કરવાની કામગીરી કરતા તેઓનો પણ આ તકે મિલનભાઈ વડગામાએ આભાર માન્યો હતો.

# ગુજરાતના ચુનંદા તથા વરિષ્ઠ પત્રકારોની ઉપસ્થિતિમાં ડો. સુભાષ અકેડમીનો વાર્ષિકોત્સવ ૨૫ ડિસેમ્બરે યોજાશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

સેવા સાધના અને સંસ્કારની તપોભૂમિ એવા ગરવા ગિરનારની ગોદમાં આવેલી ઐતિહાસીક નગરીના અગ્રણી કેળવણીકાર પેથલજીભાઈ ચાવડા સ્થાપિત ડો. સુભાષ અકેડમિ, જૂનાગઢ સંલગ્ન વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અને ડો. સુભાષ યુનિવર્સિટીના ઉપક્રમે વાર્ષિકોત્સવ ૨૦૨૪ની ઉજવણી તા.૨૫ ડિસેમ્બર બુધવારના રોજ ડો. સુભાષ અકેડમિ ખાતે યોજાશે. આ પ્રસંગે પ્રથમ બેઠક વરિષ્ઠ પત્રકાર જગદિશ મહેતાના અધ્યક્ષ સ્થાને યોજાશે જેનું ઉદઘાટન અજયભાઈ ઉમટના(વરિષ્ઠ પત્રકાર) વરદ હસ્તે થશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે પત્રકાર રોનકભાઈ પટેલ(એન્કર, એબીપી ન્યુઝ), પ્રવીણભાઈ આહીર(એન્કર, જીએસટીવી ન્યુઝ), હેમંતભાઈ ગેલાણી (એન્કર વી.ટીવી ન્યુઝ) અને ગોપીબેન ઘાંઘર(એન્કર, નિર્ભય ન્યુઝ) ખાસ ઉપસ્થિત રહેશે. આ જ બેઠકમાં આહિરત્નો કાનાભાઈ બાંટવા(તંત્રી આજકાલ દૈનિક), અર્જુનભાઈ ડાંગર(સ્ટેટ એડિટર દિવ્યભાસ્કર સોટેલાઈટ), રજનીભાઈ કાતરીયા(પોપટભાઈ)(સોશ્યલ મિડીયા આશ્રમ, મહુવા) અને વિજયભાઈ જોટવાનું(ડી.ડી. ભારતી ન્યુઝ) એમણે મેળવેલી સિધ્ધિઓ બદલ સન્માન કરવામાં આવશે. સાથે સાથે અભ્યાસમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર સંસ્થાના વિદ્યાર્થીઓનું સન્માન કરી એમનો પણ ગૌરવાન્વિત કરાશે. આ પ્રસંગે રાત્રીની બીજી બેઠકમાં સુભાષ અકેડમિની વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિ રંગારંગ કાર્યક્રમ પણ યોજાશે, આ કાર્યક્રમનું ઉદઘાટન સંદેશ ટીવી એન્કર નુપુરભાઈ પટેલ કરશે. આ પ્રસંગે યોજાનાર વિદ્વાનોની વિચાર ગોષ્ઠી અને સુભાષ રંગભવન ઉપરથી રજુ થનારા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે સૌને ઉપસ્થિત રહેવા સંસ્થાના વડા અને પૂર્વ કેબિનેટ મંત્રી જવાહરભાઈ ચાવડા અને સંસ્થાના સંયોજક રાજ ચાવડાએ સૌને ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું છે.

# કેશોદ પોલીસ સ્ટેશનનાં પ્રોહીબીશન ગુનામાં નાસતા ફરતા આરોપી તથા તેને આશરો આપનારને ઝડપી લેતી ક્રાઈમ બ્રાંચ



જૂનાગઢ તા.૨૧

કેશોદ પોલીસ સ્ટેશનનાં પ્રોહીબીશનના ગુનામાં નાસતા ફરતા આરોપી તથા તેને આશરો આપનાર શખ્સને જૂનાગઢની ક્રાઈમ બ્રાંચ દ્વારા ઝડપી લઈ તેના વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર ક્રાઈમ બ્રાંચનાં પીઆઈ જે.જે. પટેલનાં માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચનાં પીએસઆઈ બી.કે. ઝાલા અને સ્ટાફ દ્વારા નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા સતત કાર્યવાહી કરતા હતાં આ દરમ્યાન ટેકનીકલ સોર્સ દ્વારા અને ખાનગી રીતે માહિતી મળેલ કે કેશોદ પોલીસ સ્ટેશનનાં પ્રોહીબીશનના ગુનાના કામે નાસતો ફરતો આરોપી નારણ રામા ખાંભલા રહે. શેરીયાઝવાળાને જૂનાગઢમાં લીરબાઈપરામાં રહેતા રાણા લાખાભાઈ ચાવડાએ આશરો આપેલ છે. અને આ બંને કાળા કલરનાં સ્કોર્પીયોમાં લીરબાઈપરા ફાટક પાસે આંટાફેરા કરતા હોવાની હકીકત મળતાં તાત્કાલીક હકીકતવાળી જગ્યા નજીક વોચ ગોઠવી અને તપાસ કરતાં નારણ ઉર્ફે ભરત રામાભાઈ ખાંભલા (ઉ.વ. ૩૮) તેમજ તેનો આશરો આપનાર રાણાભાઈ લાખાભાઈ ચાવડા (ઉ.વ. ૨૬)ને ઝડપી લઈ તેનાં વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢનાં વાડલા ફાટક પાસે પુલ નીચે કાર ખાબકી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢના વાડલા ફાટક નજીક એક કાર ખુલ્લા પુલીયામાં ખાબકી હતી. જેના કારણે કારમાં સવાર ૩ લોકોને સામાન્ય ઈજા પહોંચી હતી. જોકે, સદનસીબે જાનહાની ટળી હતી. શહેરના વાડલા ફાટક પાસેથી એક કાર પસાર થઈ રહી હતી.

દરમ્યાન અચાનક ચાલકે કાબુ ગુમાવતા કાર ખુલ્લા પુલીયામાં ખાબકી હતી. પરિણામે કારમાં બેસેલા ૩ લોકોને સામાન્ય ઈજા પહોંચી હતી. આ અંગે વંથલી પીએસઆઈ વાય.બી. રાણાએ જણાવ્યું હતું કે, વાડલા ફાટક નજીક અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના પગલે લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને બહાર કાઢયા હતા. અકસ્માતમાં કારને નુકસાન થયું છે જયારે કારમાં સવાર ૩ લોકોને સામાન્ય ઈજા પહોંચી હોય સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. જોકે, સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી.

# કેશોદ નિરાલી ખોડીયાર ઉદાસીન આશ્રમનાં મહંતને જાનથી મારી નાખવાની ધમકી

જૂનાગઢ તા. ૨૧

વેરાવળ-ભાલકા તીર્થ નિરાલી ખોડીયાર ઉદાસીન આશ્રમનાં વયોવૃધ્ધ મહંતને જાનથી મારી નાખવાની ફોન ઉપર ધમકી મળ્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર બજરંગદાસ ગુરૂ ગંગાદાસજી ઉદાસીન બાપુ (ઉ.વ. ૮૦) રહે. વેરાવળ-ભાલકા તીર્થ નિરાલી ખોડીયાર ઉદાસીનવાળાએ સિધ્ધરાજ મુની કેશોદ ઉદાસીન આશ્રમવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે આ કામનાં આરોપીએ કેશોદ ફાગળી ગામ સીમમાં આવેલ ઉદાસીન આશ્રમ બાબતે ફરીયાદીને ફોન પર જાનથી મારી નાખવાની ધમકી આપી અને ગુનો કર્યા અંગેની ફરીયાદ પોલીસમાં નોંધાવતાં કેશોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં ગાડી પાર્ક કરવા બાબતે હુમલો

જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢ શહેરમાં મધુરમ ઈશાન પ્લાઝા કોમ્પલેક્ષ નજીક બનેલા બનાવમાં ગાડી પાર્ક રાખવા બાબતે માર મારવામાં આવ્યો હોવાની પોલીસ ફરીયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે સી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર ફરીયાદી કરણભાઈ વિજયભાઈ કરમુર (ઉ.વ. ૨૨) (રહે. મધુરમ ઈશાન પ્લાઝાવાળી ગલી) એ આ કામનાં આરોપી મિલનભાઈ રાવલીયા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે આ કામનાં ફરીયાદીનાં પિતા સાથે આ કામનાં આરોપીએ ગાડી પાર્ક કરવા બાબતે બોલાચાલી કરી ફરીયાદી તથા તેના પિતાને ઢીકા પાટુનો શરીરે મુંઢ માર મારી ગુનો કર્યા અંગેની ફરીયાદ પોલીસમાં નોંધાવતાં પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વધુ તપાસ સી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં હે.કો. વી.એન. ડાંગર ચલાવી રહયા છે.

# સોમનાથ વેણેશ્વર સોસાયટીમાં દિપડાનું પાંજરૂ ગોઠવાયું




(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ-પાટણ તા.૨૧: સોમનાથના વેણેશ્વર સોસાયટીમાં દિપડાની અવર-જવર રહેતી હોય તેવી રજુઆતના પગલે રેન્જ ફોરેસ્ટ ઓફિસર વાય.એસ. કલસારીયાએ આ વિસ્તારમાં દિપડાને કેદ કરવા એક પાંજરૂ પણ મુકવામાં અવ્યું છે.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત

(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

## ૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::

સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-

૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨ જૂનાગઢ

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

Since 1983

શંખ બ્રાન્ડ મસાલા

ગાયત્રી મસાલા

મો. : ૯૪૨૮૬ 23023

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

